# યુજીવીસીએલ ન્યુઝ

સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજપુરવઠો પૂરો પાડવા સમર્પિત

વર્ષ-૧, અંક-૩ એપ્રિલ-જૂન ૨૦૦૮



નવા મેનેજિંગ ડિરેક્ટર શ્રી એ. કે. વર્માનું હૂંફાળું સ્વાગત

સફળતાના શિલ્પી શ્રી એચ. એસ. પટેલને ભાવભરી વિદાય

ખાતાકીય તપાસ અને તકેદારી અંગે વર્કશોપનું આયોજન

ટ્રાન્સફોર્મર ફેલ્યર રેટ ઘટાડવાનાં આગવાં સૂચનો

કંપની દિનની ધામધૂમથી ઉજવણી

આપણી કંપનીએ સતત બીજા વર્ષે મેળવ્યો રાષ્ટ્રીય કક્ષાનો વધુ એક પ્રતિષ્ઠિત એવોર્ડ...

## એક્સલન્સ ઈન કોસ્ટ મેનેજમેન્ટ !

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

## સ્વાગત અને વિદાય

નવા મેનેજિંગ ડિરેક્ટર
શ્રી એ. કે. વર્માનું
હૂંફાળું સ્વાગત






સફળગાથાના સર્જક
શ્રી એચ. એસ. પટેલને
ભાવભરી વિદાય

## સક્ષમ આગેવાની તળે અવિરત આગેકૂચ — કંપનીએ મેળવ્યો પ્રતિષ્ઠિત એવોર્ડ








## ચતુર્થ કંપની દિનની ઉત્સાહભરી ઉજવણી







મહેસાણા ખાતે...








સાબરમતી ખાતે...



## તંત્રી સ્થાનેથી...

# આપણે સૌ એકમેકના સાથમાં...

આપ સૌ જાણો છો તેમ, ગુજરાતમાં વીજળીની આવશ્યક સેવાની જરૂરિયાત સતત વધતાં, રાજ્યની પ્રજાની વધુ કાર્યક્ષમ સેવા માટે ગુજરાત વિદ્યુત બોર્ડનું પુનર્ગઠન કરીને સાત કંપનીઓમાં વિભાજન કરવામાં આવ્યું છે. આ પૈકી, ઉત્તર ગુજરાતના છ જીલ્લાઓમાં વીજવિતરણ અને વીજસુવિધા પૂરી પાડવાની જવાબદારી જેના શિરે છે અને ટૂંકા ગાળામાં વિશિષ્ટ કામગીરીથી જેણે પોતાની આગવી પ્રતિભા ઉપસાવી છે એવી ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર તરીકેનો કાર્યભાર સંભાળતાં હું ગૌરવ અનુભવું છું.

કંપનીના નાનામાં નાના કર્મચારીથી માંડીને ઉચ્ચ અધિકારીઓ સુધીના સૌ કોઈએ કંપની પ્રગતિમાં ઊંડી નિષ્ઠા અને ધગશથી યોગદાન આપ્યું હોય ત્યારે જ કોઈ કંપની આવી પ્રતિષ્ઠા પામી શકે છે. આપ સૌની કાર્યનિષ્ઠાને આપના પરિવાર તરફથી પૂરૂ પીઠબળ મળ્યું હશે, એની પણ હું સહર્ષ નોંધ લઉં છું. આ સંદર્ભમાં, આજે, 'યુજીવીસીએલ ન્યુઝ'ના આ માધ્યમથી હું આપને કેટલીક વાત કરવા માગું છું.

ગુજરાત રાજ્યમાં જ નહીં, દેશભરમાં અને ખરેખર તો, આખા વિશ્વમાં ઊર્જા એક વિકટ પ્રશ્ન બની રહ્યો છે. વીજળીનું ઉત્પાદન દિનપ્રતિદિન મોંઘું બની રહ્યું છે અને સામે તેનો ઉપરાશ પણ સતત વધી રહ્યો છે. આપણે મહામૂલાં કુદરતી સંસાધનોનો ઉપયોગ કરીને પેદા થતી વીજળી લોકો સુધી પહોંચાડવાનું મહત્ત્વપૂર્ણ કામ કરીએ છીએ. એ સાથે જ, વીજળી સહેજ પણ વેડફાય નહીં, વીજળીની ચોરી શક્ય એટલી ઓછી થાય અને ખાસ તો, વીજળીનો બિનજરૂરી વપરાશ ઓછો થાય એવી લોકજાગૃતિ કેળવવાનું કામ પણ આપણું જ છે. વીજળીનું વિતરણ જ નહીં, વીજળીનું સંવર્ધન પણ આપણી જવાબદારી છે.

આપ સૌ જાણતા જ હશો કે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના કુલ ગ્રાહકોમાંથી લગભગ ૬૦ ટકા ખેડૂતો છે. આટલા મોટા પ્રમાણમાં ખેડૂતવર્ગને વિશ્વસનીય વીજળી પહોંચાડવી એ ખરેખર પડકારભર્યું કામ છે અને ટૂંકા ગાળામાં પણ હું જોઈ શક્યો છું કે આપ સૌ આ ભગીરથ કામ સફળતાથી પાર પાડી રહ્યા છો. વીજળીના અભાવે કોઈ ખેડૂતોનો ઊભો મોલ સૂકાય નહીં એ આપણે જોવાનું છે. દેશભરની વીજકંપનીઓ માટે વધતો જતો ટી એન્ડ ડી લૉસ મોટો પડકાર બની રહ્યો છે. આપણે ચોક્સાઈભરી કામગીરી, સાવધાનીભર્યા અમલ અને લોકોમાં સભાનતા કેળવીને આ લૉસને નીચો લાવવાનો છે.

આ બધા પડકારોને પહોંચી વળવાનું બહુ મુશ્કેલ પણ નથી. જો આપણે સૌ પૂરી સજાગતાથી, પોતાના કામને પૂજા સમજીને, કંપનીને સંપૂર્ણપણે વફાદાર રહીને, આપણને સોંપવામાં આવેલી ફરજ પૂર્ણતાથી નિભાવીશું તો છેવટે તમામ પડકારો ઓગળતા જશે.

મને ખાતરી છે કે આપણે સૌ એકમેકના સાથમાં, આપણી કંપનીને સર્વોચ્ચ કાર્યક્ષમતા, સંપૂર્ણ ગ્રાહકસંતોષ અને ઉત્કૃષ્ટ લોકસેવાની નવી ઊંચાઈએ પહોંચાડીશું.

એ. કે. વર્મા

મેનેજિંગ ડિરેક્ટર અને તંત્રી, યુજીવીસીએલ ન્યુઝ

આપણે મહામૂલાં કુદરતી સંસાધનોનો ઉપયોગ કરીને પેદા થતી વીજળી લોકો સુધી પહોંચાડવાનું મહત્ત્વપૂર્ણ કામ કરીએ છીએ.

એ સાથે જ, વીજળી સહેજ પણ વેડફાય નહીં, વીજળીની ચોરી શક્ય એટલી ઓછી થાય અને ખાસ તો, વીજળીનો બિનજરૂરી વપરાશ ઓછો થાય એવી લોકજાગૃતિ કેળવવાનું કામ પણ આપણું જ છે.

વીજળીનું વિતરણ જ નહીં, વીજળીનું સંવર્ધન પણ આપણી જવાબદારી છે.








## સૌએ આનંદ ઉત્સાહથી ઉજવ્યો કંપની દિન







## મહેસાણા ખાતે યોજાયેલ ખાતાકીય તપાસ અને તકેદારી બાબત અંગે વર્કશોપ













કંપનીના હિતમાં શ્રેષ્ઠ સૂચનો કરનારા કર્મચારીઓનું સન્માન

# યુજીવીસીએલ ન્યુઝ

વર્ષ-૧, અંક-૩, ત્રિમાસિક
એપ્રિલથી જૂન ૨૦૦૮
ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત

**તંત્રી**
**શ્રી એ. કે. વર્મા, આઇએફએસ**
મેનેજિંગ ડિરેક્ટર
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

**સહતંત્રી**
**શ્રી કેતનકુમાર માંડલીયા,**
મેનેજર (કોર્પોરેટ કોમ્યુનિકેશન)
**શ્રી શૈલેશ એ. નાયક**
આસિસ્ટન્ટ મેનેજર (પબ્લિક રીલેશન)

**તંત્રીમંડળ**
**શ્રી પી. આર. ચૌધરી**
ખાસ ફરજ પરના અધિકારી
**શ્રી એમ. જી. પટેલ**
મુખ્ય ઇજનેર(ઓપરેશન)
**શ્રી પી. જે. પટેલ**
મુખ્ય ઇજનેર (પી. એન્ડ પી.)
**શ્રી જે. એન. પંચોલી**
ચીફ ફાઇનાન્સ મેનેજર
**શ્રી જી. પી. જોશી**
વિશેષ મુખ્ય ઇજનેર, સાબરમતી
**શ્રી આર. જી. એન્જિનીયર**
મુ.કા.અ. અને અધિક્ષક ઇજનેર, હિંમતનગર
**શ્રી એન. એમ. જોશી**
ઇન્ચાર્જ વિશેષ મહાપ્રબંધક અને કંપની સેક્રેટરી
**શ્રી ટી. કે. નાયક**
અધિક્ષક ઇજનેર, મહેસાણા
**શ્રી ડી. સી. પરમાર**
અધિક્ષક ઇજનેર, પાલનપુર

**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ,
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ,
વિસનગર રોડ, મહેસાણા—૩૮૦ ૦૦૧
www.ugvcl.com

સંપાદન અને સર્જનસહયોગ
**હિમાંશુ કીકાણી**, www.aalekhan.com

મુદ્રકઃ વિપુલ પ્રિન્ટર્સ, વાળીનાથ કોમ્પ્લેક્સ,
પ્રભાતચોક, ઘાટલોડિયા, અમદાવાદ

**આવકાર અને વિદાય**
નવા મેનેજિંગ ડિરેક્ટર શ્રી એ. કે. વર્માનું હૂંફાળું સ્વાગત
શ્રી એચ. એસ. પટેલને ભાવભરી વિદાય ૨
સફળતાના શિલ્પીને સાદર શુભેચ્છા ૩

**પરિચય**
મળીએ આપણા મુખ્ય ઇજનેર શ્રીઓને ૪

**કંપની સમાચાર**
આપણી કંપનીએ મેળવ્યો પ્રતિષ્ઠિત એવોર્ડ ૫
મહેસાણામાં વર્કશોપનું આયોજન ૬
ટ્રાન્સફોર્મર ફેલ્યર રેટ ઘટાડવાનાં આગવાં સૂચનો ૭

**ઉજવણી**
કંપની દિનની ધામધૂમભરી ઉજવણી ૮

**કંપની સમાચાર**
નવીનીકરણ થયેલ ગાંભોઈ પેટાકચેરી ગ્રાહકોની સેવામાં અર્પણ ૧૪
હિંમતનગરમાં એનીટાઇમ પેમેન્ટ સેન્ટરનું ઉદઘાટન ૧૫
નવાં કસ્ટમર કેર સેન્ટર્સનો શુભારંભ ૧૬
આકસ્મિક વાવાઝોડા બાદ ઝડપી કામગીરી ૧૭
ખેડૂતલક્ષી અભિગમ માટેનો વધુ એક પ્રયાસ ૧૮

**જાણકારી**
Pay Commission and Its Role ૧૯

**પ્રોત્સાહક પ્રવૃત્તિ**
શામળાજીમાં યોજાઈ ઇન્ટરકંપની વૉલિબોલ ટુર્નામેન્ટ ૨૦
ઇન્ટર સર્કલ વૉલિબોલ ટુર્નામેન્ટમાં મહેસાણા વિજયી ૨૧
મનજાગૃતિ મહિલા મંડળ દ્વારા 'આર્ટ ઑફ લિવિંગ' કાર્યક્રમ ૨૨
પાલનપુરમાં ઇન્ટર સર્કલ ટેબલટેનિસ ટુર્નામેન્ટ ૨૨
સાબરમતીમાં કેરમ ટુર્નામેન્ટ ૨૨
ઑલ ઇન્ડિયા ચેસ ટુર્નામેન્ટમાં જીયુવીએનએલ તૃતીય ક્રમે ૨૩
હિંમતનગરમાં ઇન્ટર સર્કલ બેડમિન્ટન ટુનામેન્ટ ૨૩

**તેજસ્વી તારલા**
આપણા પરિવારના આ છે તેજસ્વી તારલા ૨૪

## નવા મેનેજિંગ ડિરેક્ટર
# શ્રી એ. કે. વર્માનું હૂંફાળું સ્વાગત

ઉત્તર ગુજરાતની પ્રજાને ૨૪ કલાક, સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજપુરવઠો પૂરો પાડવાના ધ્યેયને સમર્પિત ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એચ. એસ. પટેલની રાજકોટના કલેક્ટરપદે નિમણૂક થતાં તેમના સ્થાને આઇએફએસ ઑફિસર શ્રી એ. કે. વર્માની કંપનીના નવા મેનેજિંગ ડિરેક્ટર તરીકે નિમણૂક કરવામાં આવી છે.

ઇન્ડિયન ફૉરેસ્ટ સર્વિસના, ગુજરાત કેડર, ૧૯૮૬ના અધિકારી શ્રી વર્મા એક પ્રમાણિક તેમ જ કાર્યદક્ષ વહીવટી અધિકારી તરીકેની આગવી પ્રતિભા ધરાવે છે. ફિઝિક્સમાં એમ.એસસી. શ્રી વર્માએ આઇઆઇએમ બેંગલોર તથા મેક્સવેલ સ્કૂલ ઑફ સિટિઝનશીપ એન્ડ ઇન્ટરનેશનલ અફેર્સ, સાયરેક્સ યુનિવર્સિટી, યુએસએમાંથી પોસ્ટ ગ્રેજ્યુએટ પ્રોગ્રામ ઇન પબ્લિક પોલિસી એન્ડ મેનેજમેન્ટની પદવી પણ મેળવી છે.

શ્રી વર્માએ ગુજરાતના ફૉરેસ્ટ ડિપાર્ટમેન્ટમાં સોશિયલ ફૉરેસ્ટ્રી વિભાગમાં કન્ઝર્વેટર ઓફ ફૉરેસ્ટ તરીકે નોંધપાત્ર કામગીરી બજાવી હતી. તેમણે ૧૯૮૬માં તૈયાર થયેલ, તે સમયના દેશના સૌથી મોટા ફૉરેસ્ટ્રી પ્રોજેક્ટ, જીબીઆઇસી, જાપાન દ્વારા ફાઇનાન્સ્ડ ઇન્ટીગ્રેટેડ ફૉરેસ્ટ્રી ડેવલપમેન્ટ પ્રોજેક્ટ ઑફ ગુજરાતમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. ત્યાર બાદ તેમની વહીવટી કાર્યનિપૂણતા ધ્યાને લઇને તેમની કમિશનર, આદિજાતિ વિકાસના હોદ્દા પર નિમણૂક કરવામાં આવી હતી, અહીં તેમણે વનબંધુ કલ્યાણ યોજના હેઠળ મુખ્યમંત્રીશ્રીના ૧૦ મુદ્દાનો આદિજાતિ વિકાસ કાર્યક્રમ તૈયાર કરવામાં પાયાની ભૂમિકા નિભાવી.

શ્રી વર્મા કમિશન ઓન સસ્ટેઇનેબલ ડેવલપમેન્ટ અને યુનાઇટેડ નેશન કન્વેન્શન ફોર કોમ્બેટિંગ ડેઝર્ટિફિકેશનને



સંબંધિત બાબતોમાં ભારત સરકારને સલાહ આપતા નિષ્ણાતોની સમિતિના સભ્ય છે.

શ્રી વર્માએ જે કોઈ હોદ્દા સંભાળ્યા છે ત્યાં તેઓ જે તે વિભાગ કે કચેરીના આયોજનમાં નવું ઊંડાણ અને કાર્યોમાં નવી ઝડપ અને ગુણવત્તા લાવી શક્યા છે. મૃદુભાષી છતાં સ્પષ્ટવક્તા એવા શ્રી વર્મા દરેક વ્યક્તિની આગવી કાર્યકુશળતા પારખી તેની વિશિષ્ટ આવડત અનુસાર શ્રેષ્ઠ કામ લેવાની વિલક્ષણ સૂઝ ધરાવે છે.

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર તરીકેનો કાર્યભાર સંભાળતાં શ્રી વર્માએ એ જ સંકેત આપ્યો હતો કે તેઓ આ કંપનીની વિશિષ્ઠતાઓ, મજબૂત પાસાં તેમ જ કંપની સામે રહેલા પડકારોથી વાકેફ છે અને તેઓ કંપનીની સ્થિતિનો હજી વધુ ઊંડાણથી અભ્યાસ કરી, અધિકારીઓ અને કર્મચારીઓની ધગશ તથા આવડતનો મહત્તમ ઉપયોગ કરીને સૌના સાથ અને સહયોગમાં કંપનીને નવી ઊંચાઈએ લઈ જવા શક્ય એટલા તમામ પ્રયાસો કરશે.

શ્રી વર્માને આવકારવા માટે કંપનીના ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં એક સમારંભ યોજવામાં આવ્યો હતો. કંપનીના ખાસ ફરજના અધિકારી શ્રી પી. આર. ચૌધરી, મુખ્ય ઇજનેર શ્રી એમ. જી. પટેલ તથા પી. જે. પટેલ વગેરેએ પુષ્પગૂચ્છથી શ્રી વર્માનું સ્વાગત કરીને, કંપનીની પ્રગતિના તેમના તમામ પ્રયાસોમાં સંપૂર્ણ સહયોગની ખાતરી આપી હતી. ■

# શ્રી એચ. એસ. પટેલને ભાવભરી વિદાય

ઉત્તર ગુજરાત વીજ કંપનીની પ્રગતિમાં સિંહફાળો આપનાર કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એચ. એસ. પટેલ રાજકોટ ખાતે કલેક્ટર તરીકે નિયુક્ત થતાં મહેસાણા ખાતે તા. ૨૨-૦૪-૨૦૦૮ના રોજ તેમના ભવ્ય વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સમારંભમાં ખાસ ફરજ પરના અધિકારી શ્રી પી. આર. ચૌધરી, મુખ્ય ઇજનેરશ્રી એમ. જી. પટેલ શ્રી પી. જે. પટેલ તથા અન્ય ઉચ્ચ અધિકારીઓએ



ખાસ હાજરી આપી હતી.

સમારંભની શરૂઆતમાં વિદાય લેતા મેનેજિંગ ડિરેક્ટરનું બૂકે દ્વારા સ્વાગત કરવામાં આવેલ. ઉચ્ચ અધિકારીઓએ શ્રી એચ. એસ. પટેલ સાહેબ સાથે કરેલ કામોને યાદ કરેલ.

પ્રાસંગિક પ્રવચનોમાં શ્રી એચ. એસ. પટેલના નેતૃત્વ હેઠળ કંપનીએ કરેલ ખાસ કામગીરીને યાદ કરીને તેમણે મેળવેલી સિદ્ધિઓ કંપનીની કામગીરી માટે પ્રેરણારૂપ બનશે તેવી આશા વ્યકત કરવામાં આવી હતી. તેમ જ નવી જવાબદારીમાં પણ તેમની કામગીરી યશસ્વી રહે તે માટે શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

શ્રી પટેલે પોતાના કાર્યકાળ દરમિયાન તમામ કક્ષાએ કર્મચારીઓ અને અધિકારીઓને આપેલ સહયોગને યાદ કરી કંપનીની સિદ્ધિઓમાં તેમણે આપેલ યોગદાનને બીરદાવ્યું હતું. ■

## શ્રી એચ. એસ. પટેલ હવે રાજકોટના કલેક્ટર

# સફળતાના શિલ્પીને સાદર શુભેચ્છા

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડે સેવેલ સ્વપ્નને હકીકતમાં ફેરવી સિદ્ધિઓની વણથંભી વણઝાર દ્વારા સમગ્ર દેશમાં ખ્યાતિ અપાવનાર મેનેજિંગ ડિરેક્ટર શ્રી એચ. એસ. પટેલની રાજકોટ ખાતે કલેક્ટર તરીકે નિયુક્તિ થતાં કંપનીના કર્મચારીઓએ શુભેચ્છા તથા અભિનંદન પાઠવીને પોતાની લાગણી વ્યક્ત કરી.

ઉત્તર ગુજરાતનાં ૪૬૧૮ ગામડાંને સતત ૨૪ કલાક થ્રી ફેઇઝ પુરવઠો પૂરો પાડવાના ધ્યેય સાથે ચતુર્થ વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહેલ ઉત્તર ગુજરાત વીજ કંપનીને ત્રણ વર્ષમાં મળેલી સિદ્ધિઓના સુકાની શ્રી એચ. એસ. પટેલ છેલ્લાં બે વર્ષથી કંપનીના મેનેજિંગ ડિરેક્ટર તરીકે ફરજ બજાવતા હતા. ઉત્તર ગુજરાત વીજ કંપનીએ ત્રણ વર્ષના ટૂંકા ગાળામાં પરિણામલક્ષી કામગીરી સાથે મેનેજિંગ ડિરેક્ટરશ્રીના સબળ નેતૃત્વ હેઠળ દરેક ક્ષેત્રમાં મહત્ત્વની સિદ્ધિઓ મેળવેલ છે.

જેમ કે, ગુજરાતે જ્યોતિગ્રામ યોજનાના પ્રથમ અમલીકરણ દ્વારા સમગ્ર રાષ્ટ્રને દિશા નિર્દેશ તેમ જ રાહબરી પૂરી પાડેલ છે. સરકારની આ મહત્વકાંક્ષી યોજના અસરકારક રીતે પ્રથમ પૂર્ણ કરવાનું શ્રેય ઉત્તર ગુજરાત વીજ કંપનીને મળેલ છે.


વીજ વિતરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરીને લક્ષમાં લઈને ભારત સરકારના વીજ મંત્રાલય તરફથી આપણી કંપનીને 'બ્રોન્ઝ શીલ્ડ' માનનીય વડાપ્રધાન ડો. મનમોહન સિંહ દ્વારા મેળવેલ છે.

ફાર્મ હાઉસ અને છૂટાછવાયા રહેણાંકમાં સતત ૨૪ કલાક વીજ પુરવઠો પૂરો પાડવા કંપનીના કર્મઠ અધિકારીઓને પ્રોત્સાહન આપી ERDA દ્વારા પ્રમાણિત કરવાનું શ્રેય મેળવેલ છે. તેમ કંપનીની સાબરમતી ખાતેની હાઈટેક લેબોરેટરીને કેન્દ્ર સરકારના નેશનલ એક્રિડિટેશન બોર્ડ ફોર ટેસ્ટીંગ એન્ડ કેલીબ્રેશન ઓફ લબોરેટરીઝ (NABL) દ્વારા પ્રમાણપત્ર મળ્યું છે.

કંપનીના નિર્ધારિત લક્ષાંકો હાંસલ કરવા તેમ જ પ્રવર્તમાન વીજ ક્ષેત્રના સ્પર્ધાત્મક વાતાવરણને અનુલક્ષીને તેમ જ વીજ નિયમન પંચની ગ્રાહક સુવિધાઓ અને જરૂરી માળખાકીય સુવિધાઓ અને જરૂરી પરિવર્તનો ધ્યાનમાં રાખીને કાર્યવાહી કરવામાં આવતાં કંપનીની રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ આઈ. એસ. ઓ. ૯૦૦૧ : ૨૦૦૦ પ્રમાણિત થયેલ છે.

જીયુવીએનએલ દ્વારા કરવામાં આવેલ રીફોર્મના કેસ સ્ટડીનો લંડન સ્કૂલ ઓફ બીઝનેસ દ્વારા સ્વીકાર થયો. એ બાબત દર્શાવે છે કે ગુજરાત ઊર્જા વિકાસની વીજ કંપનીઓમાં યુજીવીસીએલે દરેક ક્ષેત્રોમાં અગ્રેસર ભૂમિકા ભજવેલ છે.

તાજેતરમાં ધી ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોસ્ટ એન્ટ વર્કસ એકાઉન્ટ ઓફ ઈન્ડિયા તરફથી કોસ્ટ મેનેજમેન્ટ ૨૦૦૭ની ઉત્કૃષ્ટ કામગીરી અન્વયે દ્વિતીય કેટેગરી માટેનો એવોર્ડ મેળવેલ છે.



**જ્યોતિગ્રામ યોજનાનો દિશાસૂચક અમલ**

**વીજવીતરણ ક્ષેત્રે ઉત્કૃષ્ઠ કામગીરી બદલ કેન્દ્ર સરકારનું બ્રોન્ઝ શીલ્ડ**

**સાબરમતી લેબને એનએબીસી દ્વારા પ્રમાણપત્ર**

**કંપનીની રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસને આઈ.એસ.ઓ. ૯૦૦૧ : ૨૦૦૦ પ્રમાણપત્ર**

**રીફોર્મ કેસસ્ટડીનો લંડન સ્કૂલ ઓફ બિઝનેસ દ્વારા સ્વીકાર**

આ ઉપરાંત કંપનીની વીજ વિતરણ ખોટમાં સીમા ચિન્હરૂપ ઘટાડો, ગ્રાહકલક્ષી અધિગમના ભાગરૂપે 'કન્ઝયુમર મીટ' દ્વારા ગ્રાહકોનો સતત સંપર્ક, વીજ વિતરણના વધુ સારા સંચાલન તથા ગ્રાહકલક્ષી સેવાઓ પૂરી પાડવા માટે વેબ બેઇઝ (GIS) સીસ્ટમનું અમલીકરણ, ખેતી વિષયક વીજ વપરાશ કુલ વપરાશના ૫૮ ટકાથી ૬૦ ટકા હોવાને લીધે ખેતીવાડી ગ્રાહકોને મદદરૂપ થવા દરેક સર્કલમાં આસિ. મેનેજર (એગ્રો)ની નિમણૂક વગેરે પણ નોંધપાત્ર પગલાં રહ્યાં.


ખેડૂતો સાથે સેમિનારોનું આયોજન, સરકારની વિવિધ યોજનાના અમલથી સંપૂર્ણ લક્ષ્યાંકોની પ્રાપ્તિ, ઈ-ઊર્જા ક્ષેત્રમાં અન્ય કંપનીઓમાં અગ્રેસર કામગીરી, ૨૧ ગ્રાહક સુવિધા કેન્દ્રો, એનીટાઇમ પેમેન્ટ મશીનની સુવિધા વગેરે બાબતોનો અમલ ખૂબ ઝડપથી કરી ગ્રાહકલક્ષી અને વહીવટલક્ષી અભિગમનો સુભગ સમન્વય સાધવામાં મેનેજિંગ ડિરેક્ટરશ્રીની કામગીરી ઉત્સાહપ્રેરક રહેલી.

કર્મચારીઓ ખૂબ સારા વાતાવરણમાં વધુ સારી રીતે ગ્રાહકલક્ષી ફરજો બજાવી શકે તે માટે અદ્યતન સવલતોવાળાં મકાનો અને જીમખાના દ્વારા કર્મચારીઓને સતત પ્રોત્સાહન પૂરું પાડવામાં આવેલ છે.

ઊર્જા સમૃદ્ધ ગુજરાતનો સંકલ્પ સાકાર કરવા એટીએન્ડટી લૉસમાં ઘટાડો, સઘન ચેકિંગ ઝુંબેશ, માસ મેઇન્ટેનન્સ, વધારે લોડવાળા અને લૉસવાળા ફીડરોનું વિભાજન, ટ્રાન્સફોર્મર લૉસ ઘટાડવા એનોર્ટ ફોર્સ ટ્રાન્સફોર્મર, સ્ટેટીક-ક્વોલિટી મીટર, અત્યંત આધુનિક પ્રી-પેઈડ મીટરો લગાવવાની કાર્યવાહી, પાવર ફેક્ટરના સુધારા અંગે ટ્રાન્સફોર્મર પર પાવર ફેક્ટર પેનલો લગાવવી, ગ્રાહકજાગૃતિના કાર્યક્રમો વગેરે પગલાં મેનેજિંગ ડિરેક્ટરશ્રીના નેતૃત્વ હેઠળ હાથ ધરવામાં આવેલ છે.

આમ, શ્રી એચ. એસ. પટેલ દ્વારા ખૂબ ઝડપથી કંપનીને વિકાસ તરફ અગ્રેસર કરવાના પ્રયત્નો હાથ ધરવામાં આવેલ છે. આપણી સામૂહિક અને વ્યક્તિગત પ્રગતિમાં અનેરા યોગદાન બદલ, આપણે શ્રી એચ. એસ. પટેલના સદા ઋણી રહીશું. ■

# આવો મળીએ આપણા મુખ્ય ઈજનેર શ્રીઓને...



## શ્રી એમ. જી. પટેલ, મુખ્ય ઈજનેરનો કારકિર્દી પરિચય


શ્રી એમ. જી. પટેલે શૈક્ષણિક કારકિર્દીનાં છેલ્લા વર્ષમાં બી. ઈ. ઇલેક્ટ્રીકલ એમ. એસ. યુનિવર્સિટીમાં ગોલ્ડ મેડલ મળેલ. પોતાની કારકિર્દીની શરૂઆત હિન્દુસ્તાન બ્રાઉન બ્રોવરીથી કરી હતી. તેમણે ઉત્તર ગુજરાત વીજ કંપનીના મુખ્ય ઈજનેર તરીકે તા. ૨૨-૦૧-૦૮ના રોજ કાર્યભાર સંભાળેલ છે.

શ્રી એમ. જી. પટેલે તા. ૦૪-૦૪-૧૯૭૮ ના રોજ ચાણસ્મા પેટા વિભાગીય કચેરીના જૂનિયર ઈજનેર તરીકે ૩૩ કેવી હારીજ સબ સ્ટેશનમાંથી કારકિર્દીની શરૂઆત કરી હતી. ત્યાર બાદ હિંમતનગર ટ્રાન્સફોર્મર મેઈન્ટેનન્સ સ્કવોડ, હિંમનગર વિભાગીય કચેરી ખાતે તેમણે ફરજ બજાવેલ.

તા. ૩૦-૦૧-૮૨ ના રોજ નાયબ ઈજનેર તરીકે બઢતી મળતાં વિજાપુર વિભાગીય કચેરીના તાબા હેઠળની લોદ્રા પેટા વિભાગીય કચેરીમાં કામકાજ શરૂ કરેલ. ત્યાર બાદ હિંમતનગર શહેર પેટા વિભાગીય કચેરીમાં તા. ૦૨-૦૪-૮૫ થી બદલી થયેલ. તારીખ ૦૭-૦૬-૧૯૯૪થી પ્રાંતિજ સબ ડિવિઝન ખાતે બદલી થયેલ. તા. ૦૪-૦૬-૨૦૦૧ ના રોજ કાર્યપાલક ઈજનેર તરીકે આરઈસી ડિવિઝન ધ્રાંગધ્રા ખાતે બઢતી મેળવેલ. ત્યાર બાદ બાવળા વિભાગીય કચેરી અને હિંમતનગર વિભાગીય કચેરી માં કામગીરી કરેલ. તા. ૨૪-૦૪-૨૦૦૬ના રોજ અધિક્ષક ઈજનેર તરીકે સાબરમતી વર્તુળ કચેરી ખાતે બઢતી મેળવેલ અને સાબરમતી સર્કલને 'પ્રોફિટ પોટેન્શીયલ સેન્ટર' તરીકે જાહેર કરવામાં આવતાં તેઓશ્રીને સાબરમતી સર્કલ ખાતે વિશેષ મુખ્ય ઈજનેર તરીકે તારીખ ૧૧-૧૦-૨૦૦૬ ના રોજ બઢતી મળેલ. તારીખ ૨૨-૦૧-૨૦૦૮ ના રોજ મુખ્ય ઈજનેર તરીકે બઢતી મેળવી કંપનીની રજીસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ ખાતે હાજર થયેલ છે.

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ તેમના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ ઉત્તરોત્તર પ્રગતિના સોપાન સર કરે તેવી શુભેચ્છા.

## શ્રી પી. જે. પટેલ, મુખ્ય ઈજનેરનો કારકિર્દી પરિચય



શ્રી પી. જે. પટેલે ઉત્તર ગુજરાત વીજ કંપનીના મુખ્ય ઈજનેર તરીકે તારીખ ૦૧-૦૩-૨૦૦૮ ના રોજ કાર્યભાર સંભાળેલ છે.


શ્રી પટેલે તારીખ ૩૧-૦૧-૧૯૭૬ ના રોજ જૂનિયર ઈજનેર તરીકે ઉકાઈ થર્મલ પાવર સ્ટેશન ખાતે પોતાની કારકિર્દીની શરૂઆત કરેલ. તારીખ ૩૦-૧૦-૧૯૮૦ના રોજ નાયબ ઈજનેર તરીકે ધુવારણ ખાતે બઢતી મળેલ. આ સમય દરમિયાન ૧૦ અઠવાડિયા માટે થર્મલ પાવર સ્ટેશનના મેઈન્ટેનન્સની તાલીમ લેવા માટે ઈંગ્લેંડ ખાતે કોલંબો પ્લાન હેઠળ નામાંકન કરવામાં આવેલ.

ત્યાર બાદ ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન ખાતે બદલી મેળવેલ. ચારીખ ૧૦-૦૮-૮૯ ના રોજ ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન ખાતે કાર્યપાલક ઈજનેર તરીકે બઢતી મેળવેલ. ત્યાર બાદ મહેસાણા વર્તુળ કચેરી ખાતે બદલી મેળવેલ. તારીખ ૦૧-૧૦-૨૦૦૫ ના રોજ અધિક્ષક ઈજનેર તરીકે પાલનપુર ખાતે બઢતી મેળવેલ.

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ તેમના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ ઉત્તરોત્તર પ્રગતિના સોપાન સર કરે તેવી શુભેચ્છા.

## આપણી કંપનીએ મેળવ્યો પ્રતિષ્ઠિત

# કોસ્ટ મેનેજમેન્ટ એવોર્ડ




ધિ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોસ્ટ એન્ડ વર્કસ એકાઉન્ટસ ઓફ ઈન્ડિયા તરફથી અપાતા 'નેશનલ એવોર્ડ ફોર એકસલન્સ ઈન કોસ્ટ મેનેજમેન્ટ-૨૦૦૭'ના દ્વિતીય કેટેગરીના એવોર્ડ માટે ઉત્તર ગુજરાતના વીજ કંપની લિમિટેડની પસંદગી કરવામાં આવી છે. કોસ્ટ મેનેજમેન્ટના ક્ષેત્રનો આ એક અત્યંત પ્રતિષ્ઠિત એવોર્ડ છે.

સાતત્યપૂર્ણ અને વિશ્વસનીય વીજ પુરવઠા દ્વારા ઉત્તર ગુજરાતના વીજ ગ્રાહકોનું જીવન ધોરણ ઊંચું લાવવના ધ્યેયની કટિબદ્ધતા સાથે ત્રણ વર્ષના ટૂંકા ગાળામાં વીજ વિતરણના વિવિધ ક્ષેત્રોમાં કરવામાં આવેલ પ્રશંસનીય કામગીરી પૈકી સીમાચિહ્નરૂપ વીજખરીદીની ખર્ચમાં ઘટાડો, કોસ્ટ મેનેજમેન્ટ દ્વારા વ્યાજ અને આર્થિક બોજમાં ઘટાડો, વીજ વેચાણમાં વધારો અને આવકમાં વધારો, ટ્રાન્સીશન અને ડ્રીસ્ટ્રીબ્યુશન ખોટમાં ઘટાડો વગેરે... ક્ષેત્રોમાં કરવામાં આવેલ ઉત્કૃષ્ટ કામગીરીને ધ્યાનમાં લેતાં આપણી કંપનીને આ એવોર્ડ મળ્યો છે. પસંદગી સમિતિના વડા તરીકે સુપ્રિમ કોર્ટના ભૂતપૂર્વ જસ્ટીસ શ્રી. જે. એસ. વર્માએ સેવા આપી હતી. આ એવોર્ડની રૂ. ૧,૦૦૦ કરોડથી વધુ ટર્નઓવર ધરાવતી સર્વિસ પ્રોવાઈડર તરીકેની કંપનીઓની કેટેગરીમાં ઉત્તર ગુજરાત વીજ કંપનીને દ્વિતીય એવોર્ડ પ્રાપ્ત થયો છે.

ઉત્તર ગુજરાતના છ જીલ્લાઓના ૬૧ શહેરો તથા ૪૬૧૮ ગામોનો લગભગ ૫૦ હજાર ચો. કિ. ના વિસ્તારોમાં વીજ વિતરણની કામગીરી કરતી ઉત્તર ગુજરાત વીજ કંપનીએ, **સર્વોત્તમ સેવા થકી ગ્રાહકોને સંતોષ** આપવાના સ્વપ્નને (વીઝન) સિધ્ધ કરવા હર હંમેશાં પ્રયત્નો હાથ ધરેલ છે. આ તબક્કે કંપનીએ પ્રાપ્ત કરેલ મહત્વની સિદ્ધિઓનો ઉલ્લેખ કરતાં, જ્યોતિગ્રામ યોજના દ્વારા સમગ્ર દેશમાં સતત ઉત્તર ગુજરાતના તમામ ગામોને સતત વીજ પુરવઠો પુરો પાડનાર પ્રથમ વીજ વિતરણ કંપની તરીકે દિશા નિર્દેશ તેમ જ રાહબરી પૂરી પાડેલ છે. જેનો આયોજન પંચ દ્વારા સ્વીકાર પણ કરવામાં આવેલ છે. ફાર્મ હાઉસ અને છૂટા છવાયા રહેણાંકમાં સતત ૨૪ કલાક વીજ પુરવઠો પૂરો પાડવા સ્પેશીયલ ડિઝાઈન ટ્રાન્સફોર્મર (એસ. ડી. ટી.)નું સંશોધન કરી (એરડા) દ્વારા પ્રમાણિત કરાવનાર ભારતીય પ્રથમ કંપની વીજ વિતરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ પ્રથમ વર્ષ ૨૦૦૫ – ૦૬માં ભારત સરકારશ્રીના વીજ મંત્રાલય તરફથી બ્રોન્ઝ શીલ્ડ મેળવનાર જાહેર ક્ષેત્રની પ્રથમ વીજ વિતરણ કંપની બની છે.

સર્વોત્તમ સેવા થકી ગ્રાહકોને સંતોષ આપવાના પ્રયાસના ભાગરૂપે કંપનીના તાબા હેઠળની સાબરમતી હાઈટેક મીટર ટેસ્ટીંગ લેબોરેટરીને કેન્દ્ર સરકારશ્રીના નેશનલ એક્રીડીટેશન બોર્ડ ફોર ટેસ્ટીંગ અને કેલીબ્રેશન ઓફ લેબોરેટરીઝ દ્વારા અધિકૃત આઈ. એસ. ઓ./આઈ. ઈ. સી./૧૭૦૨૫/ ૨૦૦૫નું પ્રતિષ્ઠિત પ્રમાણપત્ર મેળવનાર સરકાર હસ્તકની પ્રથમ વીજ વિતરણ કંપની બનેલ છે. નોંધનીય છે કે આ ટેસ્ટ ઈકવીપમેન્ટનો એક્યુરેસી કલાસ ૦.૦૫ છે.

કંપનીના નિર્ધારિત લક્ષ્યાંકો હાંસલ કરવા તેમ જ પ્રવર્તમાન વીજ ક્ષેત્રોના સ્પર્ધાત્મક વાતાવરણને અનુલક્ષીને તેમ જ વીજ નિયમન પંચની ગ્રાહક સુવિધાઓ અને જરૂરી માળકાકિય સુવિધા માટેના જરૂરી પરિવર્તનો ને ધ્યાનમાં રાખીને કંપનીની રજીસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ તથા સાબરમતી અને મહેસાણાની વર્તુળ કચેરી આઈ. એસ. ઓ. ૯૦૦૧ : ૨૦૦૦ પ્રમાણિત થયેલ છે.

કચ્છનો ભૂકંપ હોય, કંડલાનું વાવઝોડું હોય કે, સુરતનું પૂર હોય, તેવા કુદરતી આપત્તિના સંજોગોમાં વીજ વ્યવસ્થાના પુનઃસ્થાપનની કામગીરીમાં કંપનીના કર્મચારીઓ હંમેશાં ખડેપગે રહીને પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે.

ધિ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોસ્ટ એન્ડ વર્કસ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયા તરફથી જાહેર કરવામાં આવેલ નેશનલ એવોર્ડ ફોર એકસીલન્સ ઈન કોસ્ટ મેનેજમેન્ટ-૨૦૦૭ મેળવવાની હરિફાઈમેં સેલ, ભેલ, મારુતી સુઝુકી વગેરે ખ્યાતનામ કંપનીઓનો સમાવેશ થતો હતો.

ભારત સરકારશ્રીના કોર્પોરેટ બાબતોના માનનીય કેબીનેટ મંત્રી શ્રી પ્રેમચંદજી ગુપ્તા દ્વારા ઉત્તર ગુજરાત વીજ કંપનીના મુખ્ય ઈજનેર શ્રી. એમ. જી. પટેલ તથા શ્રી જે. એન. પંચોલી, ચીફ ફાયનાન્સ મેનેજર (ફાયનાન્સ એન્ડ એકાઉન્ટસ)ને દિલ્હી ખાતે મે ૧, ૨૦૦૮ના રોજ વિજ્ઞાન ભવન, નવી દિલ્હી ખાતે કંપની વતી આ એવોર્ડ એનાયત થયો. આ પ્રસંગે જાણીતી કંપનીના ઉચ્ચ અધિકારીઓ અને હોદ્દેદારોએ વિશાળ સંખ્યામાં હાજરી આપેલ.

'બ્રોન્ઝ શીલ્ડ' બાદ સતત બીજા વર્ષે રાષ્ટ્રીય એવોર્ડ મેળવવાથી કામગીરીને સંલગ્ન તમામ કર્મચારીઓએ આનંદ સાથે ગૌરવની લાગણી વ્યક્ત કરેલ. ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ હસ્તકની તમામ વીજ કંપનીઓમાંથી હકારાત્મક પ્રતિભાવ જાણવા મળેલ છે.

વધુમાં, કંપનીના ચેરમેનશ્રી ગુરુપ્રસાદ મહાપાત્ર તથા તત્કાલિન મેનેજિંગ ડિરેકટર શ્રી એચ.એસ.પટેલે કંપનીના ઉચ્ચ અધિકારીઓને અભિનંદન અને શુભેચ્છા પાઠવી ભવિષ્યમાં પણ આ પ્રકારની ઉદાહરણરૂપ કામગીરી દ્વારા કંપનીના ઉચ્ચ લક્ષ્યાંકો હાંસલ કરવા અનુરોધ કર્યો હતો. ■

## ખાતાકીય તપાસ અને તકેદારી અંગે

# મહેસાણામાં વર્કશોપનું આયોજન



ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, મહેસાણા દ્વારા તા. ૧૭-૦૫-૨૦૦૮ના રોજ મહેસાણા ખાતે આવેલી વણીકર કલબમાં ખાતાકીય તપાસ અને તકેદારી આયોગની કામગીરી અંગે એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી એ. કે. વર્મા દ્વારા દિપ પ્રાગટયના કાર્યક્રમથી વર્કશોપની શરૂઆત કરવામાં આવી હતી. પોતાના પ્રાસંગિક ઉદબોધનમાં કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રીએ જણાવ્યું હતું કે, આપણે એવી આશા રાખીએ કે, આપણી કંપનીમાં ખાતાકીય તપાસ અને તકેદારી આયોગને લગતી ઓછામાં ઓછી બાબતો બને, કારણ કે આખરે આપણે લોકોના, સમાજના પૈસાનો વહીવટ કરવાનો છે. લોકો અથવા સમાજ કે જેના પૈસાનો આપણે વહીવટ કરીએ છીએ આપણે તેના માત્ર ટ્રસ્ટી છીએ. એક ટ્રસ્ટી તરીકે લોકોનો વિશ્વાસ આપણી ઉપર મજબૂત બને તેવો પ્રયત્ન કરવાનો છે, તેવી કામગીરી કરવાની છે. કોઈ પણ તપાસ અથવા તકેદારીની કામગીરી એવી રીતે કરીએ કે જેથી સાચા અર્થમાં તેનો હેતુ સરે તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વ્યકિતમાં સારી વાત કહેવાની હિંમત હોવી જોઇએ. કોઈ પણ વ્યકિતને સારા કામ માટે કયારેય સજા થવાની નથી. વ્યકિતએ વિજીલન્સ પ્રિવેન્ટીવ બનવાની જરૂર છે અને આ પ્રક્રિયા સતત ચાલતી રહે તેવી કામગીરી કરવાની છે. ભયના તત્વથી કામગીરી કરીશું તો સંસ્થાનો વિકાસ કયારેય નહિ થાય. આજના આ કાર્યક્રમમાં માર્ગદર્શન આપવા પધારેલ ગુજરાત તકેદારી આયોગના ઉપસચિવશ્રી પીનાકીનભાઈ સુથારનો તેમણે આભાર વ્યકત કર્યો હતો. કાર્યક્રમને અનુરૂપ કંપનીના એમ. જી. પટેલ તથા શ્રી પી. જે. પટેલ (બંને મુખ્ય ઇજનેર શ્રી) એ પ્રાસંગિક પ્રવચન કર્યુ હતું.

પરિસંવાદમાં મુખ્ય વકતા શ્રી પિનાકીનભાઈ સુથાર, ઉપસચિવ, ગુજરાત તકેદારી આયોગે વિસ્તૃત માહિતી પૂરી પાડી પ્રશ્નોના જવાબો આપેલ. કાર્યક્રમમાં શ્રી કે. કે. સોની, જનરલ મેનેજર(એચ.આર.) ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ, શ્રી ભરતભાઈ ગોસ્વામી, નાયબ મહાપ્રબંધક (એચ. આર.) એ ખાતાકીય તપાસના વિષયની વિસ્તૃત છણાવટ કરી શ્રી એસ. વાય. ડામોરે આભારવિધિ કરી હતી. જયારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી એન. આર. મકવાણા, નાયબ મહા પ્રબંધક (આઈ.આર.) દ્વારા કરવામાં આવ્યું હતું. ■

> **"આપણી કંપનીમાં ખાતાકીય તપાસ અને તકેદારી આયોગને લગતી ઓછામાં ઓછી બાબતો બને એ ધ્યેય સાથે, એ દિશામાં આપણે આગળ વધવાનું છે."**

### મેનેજિંગ ડિરેક્ટરનાં યાદગાર વાક્યો...

આપણે લોકોના, સમાજના પૈસાનો વહીવટ કરવાનો છે.



આપણે માત્ર ટ્રસ્ટી છીએ.

એક ટ્રસ્ટી તરીકે લોકોનો વિશ્વાસ આપણી ઉપર મજબૂત બને તેવો પ્રયત્ન કરવાનો છે, તેવી કામગીરી કરવાની છે.

કોઈ પણ તપાસ અથવા તકેદારીની કામગીરી એવી રીતે કરીએ કે જેથી સાચા અર્થમાં તેનો હેતુ સરે.

વ્યકિતમાં સારી વાત કહેવાની હિંમત હોવી જોઈએ. કોઈ પણ વ્યકિતને સારા કામ માટે કયારેય સજા થવાની નથી. વ્યકિતએ વીજીલન્સ પ્રિવેન્ટીવ બનવાની જરૂર છે અને આ પ્રક્રિયા સતત ચાલતી રહે તેવી કામગીરી કરવાની છે. ભયના તત્વથી કામગીરી કરીશું તો સંસ્થાનો વિકાસ કયારેય નહિ થાય.

# ટ્રાન્સફોર્મર ફેલ્યર રેટ ઘટાડવાનાં આગવાં સૂચનો


**કંપનીની પ્રગતિ ત્યારે જ શક્ય બને છે જ્યારે તેના કર્મચારીઓ સતત નવું વિચારતા રહે... ટ્રાન્સફોર્મરનો ફેલ્યર રેટ ઘટાડવા સૂચનો કરનારા આવા ગૌરવવંતા કર્મચારીઓ શ્રી આર. બી. પટેલ, શ્રી આર. સી. નાયક અને શ્રી જી. ઓ. જોષીનું ઉચ્ચ અધિકારીઓ દ્વારા સન્માન**

ઇનોવેશન ઓલ્વેઝ પેઝ... નવીનતાની શોધ આપણને હંમેશાં નવી ઊંચાઇએ લઈ જાય છે—આ સુક્તિ અનુસાર, ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડમાં આપણે પણ સતત નવીન વિચારોને આવકારીએ છીએ.

એ અનુસારની, 'કર્મચારી સૂચન યોજના' અંતર્ગત હમણાં ટ્રાન્સફોર્મર ફેલ્યર રેટ ઘટાડવા અંગે કર્મચારીઓ તરફથી સંખ્યાબંધ સૂચનો મળ્યાં. એમાંથી સૂચન સમિતિએ તારવેલાં કેટલાંક શ્રેષ્ઠ સૂચનો અહીં પ્રસ્તુત છેઃ

એચ. ટી., એલ. ટી. બુર્શીંગમાં ટેસ્ટ મુકવી.

ઊંચી ગુણવત્તા સભર કાર્ય પદ્ધતિ કરવી અને સ્ટાન્ડર્ડ ડિઝાઇન બનાવવી.

ટ્રાન્સફોર્મરની અંદર ઓટો ટ્રીપ ડીવાઇસ મુકવી (સી. એસ. પી. ટ્રાન્સફોર્મર).

પેકીંગ ઊંચી ગુણવત્તાના વાપરવાં.

એલ. ટી. ડીસ્ટ્રીબ્યુશન મુકવું અને યોગ્ય ક્ષમતાના ફ્યુઝ વાપરવા.

બુર્શીંગના રોડ, નટ અને બોલ્ટ્સ બરાબર ટાઇપ કરવા જેથી ઓઇલ લીકેજ ન થાય અને ઓઇલ ચેક કરી ઓઇલ લેવલ જાળવવું.

ટ્રાન્સફોર્મરનું હિસ્ટ્રીકાર્ડ બનાવવું.

નવું ટ્રાન્સફોર્મર ચઢાવવા, બદલવા સમારકામ કરવા કોન્ટ્રાક્ટ આપવા.

ટ્રાન્સફોર્મરના યોગ્ય અર્થીંગ કરવું અને તેનું મૂલ્ય સમયાંતરે માપતા રહેવું.

ટ્રાન્સફોર્મર ન્યુટ્રલનો અર્થીંગ અલગ કરવો અને સમયાંતરે તેને ચેક કરવો.

રીપેરીંગ માટેની એજન્સીની કાર્યદક્ષતાના આધારે ટ્રાન્સફોર્મર રીપેરીંગનો જથ્થો ફાળવવો.

ઓવર લોડીંગ અટકાવવા નિયમિત રીતે ગ્રાહકનું વીજ સ્થાપન ચકાસવું.

વારંવાર બળતાં હોય તેવા ટ્રાન્સફોર્મર લોકેશનોને અલગ તારવવા અને જરૂરી ઇલાજ કરવો.

શક્ય તેટલી લાઇનો દૂર કરી ૧૦, ૧૫ અને ૨૫ કેવીએ ટ્રાન્સફોર્મર ઊભાં કરવાં. (એચ. વી. ડી. એસ).

જ કોર કેબલ બદલી સીંગલ કોર, ડબલ ઇન્સ્યુલેશનવાળો કેબલ વાપરવો.

બે કંડકટરની શોર્ટ સર્કીટ, વીજચોરી અટકાવવા કોર્ટેડ કંડકટર વાપરવો.

ટ્રાન્સફોર્મરના ત્રણેય ફેઝનો લોડ સમતોલ કરવો.

ટ્રાન્સફોર્મરની સંતોષજનક સેવા પછી તેને સર્વિસ કરાવવી.

લાઇટનીંગ એરેસ્ટર મુકવાં અને તેનું અલગ અર્થીંગ કરવું.

ટ્રાન્સફોર્મર ઉપર બ્રીધર લગાવવાં અને સીલીકા જેલનું સમયાંતરે ચકાસણી કરવી, કાર્યરત કરવી / બદલવી.

એલ.ટી. લાઇનમાં શોર્ટ સર્કીટ અટકાવવા સ્પેસર્સનો ઉપયોગ કરવો.

ટ્રાન્સફોર્મરના રીપેરીંગ પછી તેનું યોગ્ય ટેસ્ટીંગ કરવું.

નજીવા રીપેરીંગની જરૂર જણાય તો સાઇટ ઉપર જ કરવું દા. ત. આંતરીક જોડાણો ગાસ્કેટ બદલવા વગેરે.

ટીએમએસ સ્ટાફને જરૂરી પ્રશિક્ષણ આપવું અને તેની પાસેથી આ વિષય બાબતનું જ કામ લેવું.

ટીએમએસમાં અનુભવી સ્ટાફની જ ભરતી કરવી.

રીપેરીંગ એજન્સીમાં રીપેરીંગ દરમિયાન દરેક સ્ટેજની ચકાસણીની વ્યવસ્થા ગોઠવવી.

અનુભવી ઇજનેરોની સમિતિ દ્વારા જ જોઇન્ટ ઇન્ટર્નલ ઇન્સ્પેકશન કરવું.

ટ્રાન્સફોર્મરને ફેઇલ જાહેર કરતાં પહેલાં આપણા અનુભવી સ્ટાફ પાસે યોગ્ય ચકાસણી કરાવવી.

જે સબ ડિવિઝન/ ડિવિઝન/ સર્કલ નો ઓછો ફેલ્યોર રેટ હોય તેની કામગીરીની પદ્ધતિનો અમલ અન્ય જગ્યાએ કરવો. ■

# કંપની દિનની ધામધૂમથી ઉજવણી

**૧ એપ્રિલ એટલે આપણો કંપની દિન ! તા. ૧ એપ્રિલ ૨૦૦૫ના રોજ વાણિજય ધોરણે કાર્યરત થયેલ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડે, સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજ પુરવઠો પૂરો પાડવાના ધ્યેય સાથે ચતુર્થ વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો ત્યારે કંપનીની મુખ્ય કચેરી અને અન્ય કચેરીઓમાં સૌ કર્મચારીઓએ પરિવાર સહિત ઉમંગભર્યા વાતાવરણમાં યોજાયેલા કાર્યક્રમો અને અનેક સ્પર્ધાઓમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો અને 'કંપની દિન' ઉજવ્યો હતો.**

## મહેસાણા ખાતે ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા 'કંપની દિન'ની ધામધૂમથી ઉજવણી

તા. ૧ લી અપ્રીલે ૨૦૦૫ના રોજ વાણિજય ધોરણે કાર્યરત થયેલ ઉત્તર ગુજરાત વીજ કંપની લી., સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજ પુરવઠો પૂરો પાડવાના ધ્યેય સાથે ચતુર્થ વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહી છે ત્યારે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી., દ્વારા ૧ એપ્રિલને ''કંપની દિન'' તરીકે ઉજવવાનું નક્કી કરેલ.

જેના ભાગ રૂપે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના પટાંગણમાં ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લિમિટેડ, મહેસાણાના કર્મચારીઓ સાથે સંયુક્ત રીતે વિવિધ રમત ગમત સ્પર્ધાઓ જેવી કે, ચેસ, ક્રિકેટ, વૉલિબોલ, બ્રીજ, કેરમ વગેરેનું આયોજન તથા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન તા. ૩૧ માર્ચ અને ૧ લી એપ્રિલના રોજ કરવામાં આવેલ.

તા. ૩૧ મી માર્ચના રોજ પૂર્વ સંધ્યાએ જશુભાઈ બારોટ દ્વારા ડાયરાનો પ્રોગ્રામ આપવામાં આવેલ. બંને દિવસ વિશાળ સંખ્યામાં કર્મચારીઓ અને તેમના પરિવારજનોએ કાર્યક્રમમાં ભાગ લઈને ખૂબ જ ઉત્સાહથી ઉજવણીના કાર્યક્રમમાં ભાગ લઈને કંપની દિનને સફળ બનાવેલ.

તા. ૧ એપ્રિલના રોજ સવારે ૧૦ વાગે કંપનીના ખાસ ફરજ પરના અધિકારી શ્રી પી. આર. ચૌધરી દ્વારા પટાંગણમાં લેબૉરેટરીના નવીન મકાનને ખુલ્લું મુકવામાં આવેલ. સમગ્ર દિવસ દરમિયાન સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. કાર્યક્રમના અંતમાં વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓને ઇનામનું વિતરણ કરવામાં આવેલ.

કંપની દિનની ઉજવણીના કાર્યક્રમમાં ખાસ ફરજ પરના અધિકારી શ્રી પી. આર. ચૌધરી, શ્રી શ્રી એમ. જી. પટેલ, મુખ્ય ઇજનેર, શ્રી પી. જે. પટેલ, મુખ્ય ઇજનેર, શ્રી બી. એન. રાવલ, વિશેષ મુખ્ય ઇજનેર, જેટકો તથા શ્રી ડી. એમ. તિવારી ઇન્ચાર્જ વિશેષ મહાપ્રબંધકે હાજરી આપી કર્મચારીઓને તથા તેમના પરિવારજનોને પ્રોત્સાહન પૂરું પાડેલ.




### વિવિધ સ્પર્ધાના વિજેતાઓ

| સ્પર્ધા | ક્રમ | સ્પર્ધકનું નામ-સર્વશ્રી | |
|---|---|---|---|
| લીંબું ચમચી-બાળકો | પ્રથમ | સ્નેહલ પટેલ | યશ ભટ્ટ |
| | દ્વિતીય | વિરલ પટેલ | શની સુથાર |
| | તૃતિય | નરેન્દ્ર વસાવા | રણજીત ઠાકોર |
| લીંબુ ચમચી-સ્ટાફ | પ્રથમ | મીતાબેન ભટ્ટ | જીગ્નેશ ડોમડીયા |
| | દ્વિતીય | સુનિતા નાયર | કે. બી. પુજારા |
| | તૃતિય | મીનલ પટેલ | કેતન માંડલીયા |
| લીંબુ ચમચી-કોલોની | પ્રથમ | અનિતા પટેલ | |
| | દ્વિતીય | મીનષા પટેલ | |
| | તૃતિય | નર્મદાબેન પ્રજાપતિ | |
| સંગીતખુરશી-બાળકો | પ્રથમ | રીદ્ધિ ચોકસી | નીરવ ભટ્ટ |
| | દ્વિતીય | પાયલ રાણા | શ્રેયાંસી મકવાણા |
| | તૃતિય | કવિતા ચાવડા | યશ ભટ્ટ |
| સંગીતખુરશી-સ્ટાફ | પ્રથમ | ધર્મેન્દ્ર ભટ્ટ | મીતાબેન ભટ્ટ |
| | દ્વિતીય | બી.એન.રાવલ | |
| સંગીતખુરશી-કોલોની | પ્રથમ | અનીતાબેન પટેલ | |
| વનમિનિટશો-બાળકો | પ્રથમ | આનંદ રાણા | ગોવિંદ ગજ્જર |
| વનમિનિટશો-સ્ટાફ | પ્રથમ | મીતાબેન ભટ્ટ | કેયુર રાવલ |
| | દ્વિતીય | કુંદન પટેલ | એમ.એમ.સોલંકી |
| | તૃતિય | આર. એમ. ચૌધરી | |

| | | | |
|---|---|---|---|
| **ચાંદ્રા-બાળકો** | પ્રથમ | ટ્વીંકલ પટેલ | |
| **માટલા ફોડ-સ્ટાફ** | પ્રથમ | મીનલ પટેલ | કે.એન.માંડલીયા |
| | દ્વિતીય | કુંદન પટેલ | બાબુભાઈ ચૌધરી |
| | તૃતિય | સુનીતા નાયર | સુરેશ ચૌધરી |
| **કેરમ-સ્ટાફભાઈઓ** | પ્રથમ | આઈ. એ. પરમાર, એમ.એચ.સોલંકી એમ.એ.હિંગુ | |
| | દ્વિતીય | એમ. એચ. સોલંકી, એ.સી.પ્રજાપતિ, એ.એસ. પરમાર | |
| **કેરમ-સ્ટાફબહેનો** | પ્રથમ | એચ. એ.જાની | આશાબેન પટેલ |
| | દ્વિતીય | ગીતાબેન પટેલ | મીનલ પટેલ |
| **મીમીક્રી-બાળકો** | પ્રથમ | વિરલ પટેલ | |
| **મીમીક્રી-સ્ટાફ** | પ્રથમ | બી. પી. મોદી | |
| | દ્વિતીય | ટીનાભાઈ બદાણી | |
| **વક્તૃત્વ-બાળકો** | પ્રથમ | જૈમીન પટેલ | |
| | દ્વિતીય | વિરલ પટેલ | |
| | તૃતિય | રીદ્ધિ ચોકસી | |
| **વક્તૃત્વ-સ્ટાફ** | પ્રથમ | ડી. બી. પટેલ | |
| | દ્વિતીય | ભાર્ગવ પરમાર | |
| **શીઘ્ર વક્તૃત્વ-બાળકો** | પ્રથમ | વિરલ પટેલ | |
| | દ્વિતીય | નેહા પટેલ | |
| | તૃતિય | રીજ્ઞાશા પટેલ | |
| **શીઘ્ર વક્તૃત્વ-સ્ટાફ** | પ્રથમ | ડી. બી. પટેલ | |
| | દ્વિતીય | પી. એ. કડીયા | |
| **ડાન્સ-બાળકો** | પ્રથમ | ધરા પટેલ, વૈષ્ણવી રાજપૂત | |
| | દ્વિતીય | વિરલ પટેલ | |
| | તૃતિય | યશ ભટ્ટ | |
| **ડાન્સ-સ્ટાફ** | પ્રથમ | મીતા ભટ્ટ | |
| | દ્વિતીય | વી. એચ. પટેલ | |
| **ભજન-સ્ટાફ** | પ્રથમ | મહેશ વ્યાસ | |
| | દ્વિતીય | એ. પી. રાણા | |
| | તૃતિય | એમ. એન. જાની | |
| **શૌર્યગીત-સ્ટાફ** | પ્રથમ | ટીનાભાઈ પરમાર | |
| | દ્વિતીય | અજય વખારીયા | |
| | તૃતિય | બી. પી. મોદી | |
| **સોલોગીત-બાળકો** | પ્રથમ | ભટ્ટાચાર્ય | |
| | દ્વિતીય | એ. એચ. ચૌધરી | |
| | તૃતિય | જે. એ. શાસ્ત્રી | |
| **ક્રીકેટ-બાળકો** | પ્રથમ | કોલોની બાળકો | |
| **ક્રીકેટ-સ્ટાફ** | પ્રથમ | યુજીવીસીએલ, વર્તુળકચેરી, મહેસાણા | |
| | દ્વિતીય | જેટકો, વર્તુળકચેરી, મહેસાણા | |
| **વૉલિબોલ-સ્ટાફ** | પ્રથમ | યુજીવીસીએલ, વર્તુળકચેરી, મહેસાણા | |
| | દ્વિતીય | જેટકો, વર્તુળકચેરી, મહેસાણા | |
| **ગરબા** | પ્રથમ | યુજીવીસીએલ,રજિ. ઑફિસ, મહેસાણા | |
| | દ્વિતીય | કોલોનીની બહેનો | |
| | તૃતિય | કોલોનીની બહેનો | |
| **બ્રીજ** | પ્રથમ | યુ. આર. પરીખ, જી.આર.પટેલ, એ. પી. પટેલ, કે. એસ. સીંઘી | |
| | દ્વિતીય | એમ. એ. કૌશિક, એસ. જે. રૂપારેલ, પી. પી. શાહ, એન. પી. મોદી | |
| **ચેસ** | પ્રથમ | શૈલેષ નાયક | |
| | દ્વિતીય | એચ. એમ. પટેલ | |
| | તૃતિય | કે. આઈ. જોષી | |

## સાબરમતી ખાતે 'ચતુર્થ કંપની દિન'ની ઉજવણી

ગુર્જર લોક સંસ્કૃતિ હંમેશા ઉત્સવ અને ઉજવણી પ્રિય છે. ગુજરાત રાજ્યનું ઊર્જા નિગમ એટલે ''ગુજરાત ઊર્જા વિકાસ નિગમ'' દ્વારા સંચાલિત ઉત્તર ગુજરાત વીજ કંપની લી. એ તેની સ્થાપનાના ત્રણ વર્ષમાં અસાધારણ સિદ્ધિનાં સોપાન સર કરી ચોથા વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો. તે પ્રસંગની શાનદાર અને જાનદાર ઉજવણી સાબરમતી સર્કલ ખાતે અધ્યક્ષ શ્રી ગુરુપ્રસાદ મહાપાત્રની હાજરીમાં આનંદ અને ઉલ્લાસભર્યા વાતાવરણમાં કરવામાં આવેલ.

તા. ૩૦-૦૩-૨૦૦૮ને રવિવારના રોજ કંપનીના ઉચ્ચ અધિકારી વર્ગની ઉપસ્થિતિમાં ''કંપની દિન'' નિમિત્તે દીપ પ્રાગટ્ય કરી વિવિધ રમતગમત સ્પર્ધાઓ તથા સાંસ્કૃતિક કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવેલ. જેમાં કંપનીના અધિકારીઓ, કર્મચારીઓ, કુટુંબીજનો તથા નાનાં ભુલકાંઓએ ખૂબ જ ઉત્સાહ, ઉમંગ, આનંદ સાથે ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવેલ. હાજર રહેલ ઉચ્ચ અધિકારીશ્રીઓએ તેમને પ્રોત્સાહિત કરેલ. તેમની કલા અને જ્ઞાનને બિરદાવેલ. સમગ્ર કાર્યક્રમ એક કૌટુંબિક સ્નેહસભર વાતાવરણમાં યોજાયાની પ્રતીતિ પ્રત્યેક કર્મચારીએ અનુભવેલ.

**વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિજેતાઓ**

**વેશભૂષા**

**કુટુંબીજનો**

૧. સૃષ્ટિ પટેલ ૨. દૃષ્ટિ મહિડા

૧. મીનાક્ષીબેન પંચાલ ૨. રેખાબેન ભંડેરી

**રંગોળી**

**કુટુંબીજનો**

૧. વિધિ ડી. પરમાર ૨. શર્મિષ્ઠાબેન પટેલ

**કર્મચારીઓ**

૧. મોનાબેન પટેલ ૨. સી.એસ.પંચાલ

નાયબ ઇજનેર આસિ.સેક્રેટરી

**બેસ્ટ કપલ**

**કર્મચારી**

૧. આર.ડી. રાવલ ૨. રસીક પરમાર

ગેસ્ટહાઉસ મેનેજર ગેસ્ટહાઉસ એટેન્ડન્ડ

**સુગમ/ગઝલ/શૌર્યગીત**

**કુટુંબીજનો**

૧. પૂજા ઇશરાની ૨. ખુશાલી એમ. પટેલ

**કર્મચારી**

૧. મોનાબેન પટેલ ૨. દક્ષાબેન દવે
નાયબ ઇજનેર જૂનિ. આસિ.

**લગ્નગીતો**

**કુટુંબીજનો**

૧. મીનાક્ષીબેન પંચાલ અને કોલોની ગૃપ.

**એકપાત્રીય અભિનય**

**કુટુંબીજનો**

૧. સૃષ્ટિ પટેલ ૨. રોશની

**કર્મચારી**

૧. મોનાબેન પટેલ ૨. હેમેન્દ્રભાઈ દવે
નાયબઇજનેર સિનિ. આસિ.

**ફીલ્મી ગીતો**

**કર્મચારી ગણ**

૧. કે. વી. સીસોદીયા ૨. દીનાબેન જે. રાવલ
જૂનિ. આસિ.(વી.સહા.) જૂનિ. આસિ.

**નિબંધ સ્પર્ધા**

૧. શ્રી આર. ડી. રાવલ ૨. મોનાબેન પટેલ
ગેસ્ટહાઉસ મેનેજર નાયબ ઇજનેર

**વક્તૃત્વ સ્પર્ધા**

૧. શ્રી એ. બી. સોલંકી ૨. હેમેન્દ્રભાઈ દવે
સિનિ. આસિ. સિનિ. આસિસ્ટન્ટ

**વિવિધ સ્પર્ધાઓ**

**લીંબુ ચમચી કુટુંબીજનો**

૧. ભરત રમેશભાઈ રાણા ૨. ચિત જીજ્ઞેષ પટેલ

**દોડ કુટુંબીજનો**

૧. ભૂમિકા સથવારા ૨. દિવ્યાંગિની ખરાડી
૧. સૃષ્ટિ પટેલ ૨. રૂચિકા વૈષ્ણવ

**સંગીતખુરશી**

**કુટુંબીજનો**

**બાળકો**

૧. દિવ્યાંગિની ખરાડી ૨. વિધિપરમાર

**મહિલાઓ**

૧. હીના પ્રફુલ ભંડેરી ૨. ગોમતીબેન પ્રજાપતિ

આશરે ૧૦૦ જેટલા સ્પર્ધકોએ રમતગમત તેમ જ સાંસ્કૃતિક સ્પર્ધાઓમાં ભાગ લીધેલ. ઑફિસ બિલ્ડિંગ તથા સાબરમતી કોલોનીને રોશની દ્વારા ઝળહળતી સજાવટ કરવામાં આવેલ.

ચતુર્થી કંપની ડે નિમિત્તે ખાસ કાર્યક્રમનું મંગલાચરણ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના અધ્યક્ષ શ્રી ગુરૂપ્રસાદ મહાપાત્રના હસ્તે દિપ-પ્રાગટ્ય દ્વારા કરવામાં આવ્યુ. આ પ્રસંગે અધ્યક્ષ દ્વારા **''જિંદગી છે કિંમતી અમાનત, રાખો અકસ્માતથી સલામત''** સીડીનું વિમોચન કરવામાં આવેલ.



માનનીય અધ્યક્ષશ્રીએ કર્મચારીઓને તેમની ફરજ દરમિયાન કોઈ પણ નાના મોટા અકસ્માતના ભોગ ન બને તેમ જ તેમની સલામતીના વિવિધ પાસાઓ અંગે પોતાના વિચારો વ્યક્ત કરી અમલમાં મુકવા જણાવેલ. અકસ્માત નિવારણ માટે તેમણે ચિંતા વ્યક્ત કરી. કંપનીના પ્રત્યેક કર્મચારીઓ તથા તેમના કુટુંબીજનો માટે અધ્યક્ષશ્રીની આત્મીયતા, લાગણી તથા પારિવારિક ભાવનાના ઉત્તમ દર્શન થયાં. જે પ્રેમભાવ પ્રત્યેક કર્મચારીએ હૃદયપૂર્વક વધાવેલ.

આ પ્રસંગે કંપનીના મુખ્ય ઇજનેર શ્રી એમ. જી. પટેલે ઉત્તર ગુજરાત વીજ કંપની લી.ની સ્થાપનાના ત્રણ વર્ષની સિદ્ધિઓ, કામગીરી, પ્રગતિ અંગે વિસ્તૃત માહિતી આપી તથા હજુ પ્રગતિને અવરોધતા પરીબળો સામે સાવધ રહેવા તથા ભૂલો નિવારી જાગૃતિ લાવવાનું આહ્વાન કરેલ. જેને બધા જ કર્મચારીઓએ એક અવાજે પડકાર ઝીલી લેવા તૈયારી બતાવી, સાથે સાથે અત્યાર સુધી થયેલ પ્રગતિ અને સિદ્ધિઓમાં યશભાગી થયેલ પ્રત્યેક કર્મચારીઓને તેમની અથાગ મહેનતને બિરદાવી અભિનંદન આપી હવે પછીના લક્ષ્ય માટે તૈયાર રહેવા અનુરોધ કરેલ.

સાબરમતી સર્કલના વિશેષ મુખ્ય ઇજનેર શ્રી જી. પી. જોષીએ ચેરમેનશ્રી તથા મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું તેમ જ ''કંપની દિન''ની ઉજવણીનું મહત્વ, આપણી ફરજો, જાહેર સેવામાં આપણું યોગદાન વગેરે વિષય બાબતે પ્રસંગને અનુરૂપ વકતવ્ય રજૂ કર્યું. મુખ્ય મહેમાન તરીકે ભૂતપૂર્વ મુખ્ય ઇજનેર માનનીય શ્રી બી. આર. જોષી હાજર રહેલ.

ત્યાર બાદ કર્મચારી ભાઈ-બહેનો દ્વારા પ્રસંગોચિત સમૂહગીતો ખૂબ જ ઉત્સાહપૂર્વક ગાવામાં આવેલ. તેમ જ ''ગુજરાત વીજળી ઉદ્યોગમાં કંપનીકરણ સફળ થયું છે.'' તે વિષય પર વક્તૃત્વ સ્પર્ધા પણ ઉજવણીના ભાગરૂપે યોજેલ.

વિવિધ સ્પર્ધાઓનું ઇનામ વિતરણ ભૂતપૂર્વ મુખ્ય ઇજનેર શ્રી બી. આર. જોષી તથા વર્તમાન મુખ્ય ઇજનેરશ્રી એમ. જી. પટેલના વરદ હસ્તે કરવામાં આવેલ. ઉચ્ચ અધિકારીશ્રીઓએ વિજેતાઓને અભિનંદન આપી સહર્ષ બિરદાવેલ તથા અંતમાં અલ્પાહારનું આયોજન પણ કરવામાં આવેલ. કુ. પુજા ઇશરાનીએ સ્તુતી, કર્ણપ્રિય સંગીત તથા ગીતો રજૂ કરી પ્રસંગને જીવંત બનાવેલ.

''કંપની ડે''ની ચતુર્થ ઉજવણીમાં વિશેષ મુખ્ય ઇજનેર શ્રી

જી. પી. જોષી, કાર્યપાલક ઇજનેર એસ. આર. પટેલ, શ્રી કે. સી. ટેલર, સહાયક સચિવ શ્રી સી. એસ. પંચાલ, નાયબ ઇજનેર શ્રી ઇસરાની, નાયબ ઇજનેર શ્રી એ. એસ. મુલાણી, સર્કલ અને ડિવિઝન, સબ ડિવિઝનના ઇજનેરશ્રીઓ તથા શ્રી રવિન્દ્ર ભગત, શ્રી આર. ડી. રાવલ, શ્રી લલીત મહિડા, શ્રી એચ. આર. દવે, શ્રી દિનકર જોષી સર્વેએ કાર્યક્રમની સફળતા માટે જહેમત ઉઠાવી હતી. કંપનીના સમગ્ર કર્મચારી ભાઈ બહેનોના સહકારથી, સરાહનીય ટીમવર્ક દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા યશભાગી બન્યા હતા.

સમગ્ર પ્રસંગનું સંચાલન આસિ. સેક્રેટરી શ્રી સી. એસ. પંચાલે નાયબ ઇજનેર શ્રી એચ. બી. પટેલ અને શ્રી ઇસરાનીના સહયોગથી કર્યું હતું.

## હિંમતનગર ખાતે પણ ઉત્સાહભરી ઉજવણી

હિંમતનગર વર્તુળ કચેરી ખાતે ''કંપની ડે''ની ઉજવણીનું આયોજન કરવામાં આવેલ. જેમાં હિંમતનગર વર્તુળ કચેરી, વિભાગીય કચેરી, સ્ટોર વિભાગ, શહેર પેટા વિભાગીય તથા ગ્રામ્ય પેટા વિભાગીય કચેરીના કર્મચારી ભાઇઓ-બહેનોએ વિવિધ રમત-ગમતમાં વિશાળ સંખ્યામાં ભાગ લીધેલ.

તા. ૩૧ માર્ચ અને ૧ એપ્રિલ એમ બે દિવસ હિંમતનગર સર્કલ ઑફિસનું બિલ્ડિંગ તેમ જ તેની વિભાગીય કચેરીના બિલ્ડિંગોને આકર્ષક રોશનીથી ઝગમગાવ્યા હતા. તેમ જ હિંમતનગર સર્કલના કર્મચારી ભાઇઓ તેમ જ બહેનોએ ઉત્સાહ પૂર્વક વિવિધ રમતોમાં પોતાના નામ નોંધાવી ઉમંગ બતાવેલ.

૧ એપ્રિલ ૨૦૦૮ના રોજ સવારે દરેક કર્મચારી ભાઇઓ તેમ જ બહેનોએ સવારે ૧૦-૧૫ કલાકથી શિસ્તબધ્ધ એટલે કે કંપની ગણવેશમાં હાજરી આપી, વર્તુળ કચેરીના ગ્રાઉન્ડમાં ''કંપની દિન''ની ઉજવણીના કાર્યક્રમનું આયોજન કરેલ.

તા. ૧લી એપ્રિલ ૨૦૦૮ના રોજ સવારે ૧૦-૩૦ કલાકે દિપ પ્રગટાવી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ અને કંપનીની બહેનો દ્વારા પ્રાર્થના કર્યા બાદ કંપની દિનની ઉજવણી નિમિત્તે કાર્યક્રમના પ્રમુખશ્રી તેમ જ વર્તુળ કચેરીના અધિક્ષક ઇજનેરશ્રી આર. જી. એન્જિનીયર દ્વારા ગુજરાત વિદ્યુત બોર્ડમાંથી કંપનીઓમાં વિભાજન થયેલ, અને ગુજરાત વિદ્યુત બોર્ડ હતું ત્યારની પરિસ્થિતિ તેમ જ હાલ કંપનીઓમાં વિભાજન થયા બાદ કંપનીના દરેક કર્મચારીઓ દ્વારા સતત મહેનત અને હકારાત્મક અભિગમના કારણે કંપનીની રેવન્યુમાં ઘણો મોટો સુધારો થયેલ છે. રાષ્ટ્રીય કક્ષાએ આપણી કંપનીને 'બ્રોન્ઝ શીલ્ડ' પણ મળેલ છે. કંપની કર્મચારીઓની ચિંતા કરે જ છે. દરેક કર્મચારીઓને પોતાને સોંપાયેલ કામગીરી ઉત્સાહપૂર્વક અને સમયસર સરળતાથી કામનો નિકાલ કરે તે માટે અનુરોધ કરેલ.

ત્યાર બાદ કાર્યક્રમ સૂચીમાં જણાવ્યા પ્રમાણે અલગ-અલગ રમતોમાં દરેક કર્મચારી ખેલાડી ભાઇઓ તેમ જ બહેનોએ ખૂબ જ રસપૂર્વક ભાગ લીધેલ હતો.

### કાર્યક્રમની સૂચી

સમારંભના પ્રમુખની વરણી (દરખાસ્ત)

ઉદઘાટનઃ દીપ પ્રાગટ્ય શ્રી આર. જી. એન્જિનીયર (પ્રમુખ)

પ્રાર્થનાઃ ''અય માલિક તેર બંદે હમ'' બહેનો દ્વારા

પ્રસંગાનુસાર પ્રમુખશ્રીનું પ્રવચન

કંપનીની બહેનો દ્વારા ''નારી જીવન'' કાર્યક્રમ

(૧) મીસ્ત્રી જલ્પા આર. (૨) કુ. સાયરાબેન મીર્ઝા (૩) બોડાલ હીરાબેન (૪) મોદી જીજ્ઞા (૫) સદાત ઈન્દિરાબેન (૬) પટેલ શિલ્પાબેન

### વિવિધ સ્પર્ધાઓનું ઉમંગભર્યું આયોજન

| સ્પર્ધા | આયોજકો |
|---|---|
| **રસ્સા ખેંચ** | ૧. જી. ડી. મેમણ, ૨. એસ. પી. ત્રીવેદી |
| **વૉલિબોલ** | ૧. એલ. ડી. પટેલ, ૨. એન. એસ. અસોડા, ૩. એમ. કે. ડાભી, ૪. એસ. કે. ફનેજા ૫. એચ. એમ. રાવલ - |
| **સુલેખન** | ૧. એમ. કે. સુથાર, ૨. એ. બી. બારોટ ૩. ડી. એલ. પટેલ |
| **લીંબુ ચમચી** | ૧. જે. આર. મિસ્ત્રી, ૨. એમ. એસ. ભટ્ટ |
| **સંગીતખુરશી** | ૧. પી. ડી. પંડ્યા, ૨. પી. બી. જોષી, ૩. જે. એમ. તીરગર |
| **વનમિનિટશો** | ૧. એમ. આઇ.પટેલ, ૨. એમ. પી. સાકચ ૩. એ. બી. દેસાઇ |

### નિર્ણાયકો

શ્રી એમ. આર. પટેલ, કાર્યપાલક ઇજનેર, ડિવિ. ઑફિસ

શ્રીમતી વી. જે. સૈજવાણી, નાયબ ઇજનેર, ડિવિ. ઑફિસ

શ્રી એન. એલ. ઉપાધ્યાય, સુપ્રી. એકાઉન્ટ્સ., સર્કલ ઑફિસ

શ્રી ટી. વી. ઘરાજીયા, નાયબ ઇજનેર સર્કલ ઑફિસ

શ્રી બી. એલ. વસાવા, એકા. ઑફિસ, સર્કલ ઑફિસ

**વ્યવસ્થાપક** શ્રી આર. ડી. ઝાલા, નાયબ ઇજનેર, તથા શ્રી વી. એચ. અસારી, આસિ. સેક્રેટરી, સર્કલ ઑફિસ, હિંમતનગર

### વિવધ રમતોના વિજેતાઓની સૂચી

| સ્પર્ધા | વિજેતા | ઑફિસ |
|---|---|---|
| **રસ્સા ખેંચ** | હિંમતનગર સર્કલ ઑફિસ ટીમ (પ્રથમ) | |
| **વનમિનિટશો** | જે. આર. મીસ્ત્રી (પ્રથમ) | હિંમતનગર સર્કલ ઑફિસ |
| | એસ. પી. ત્રીવેદી (દ્વિતીય) | હિંમતનગર સર્કલ ઑફિસ |
| | ડી. આઇ. કુંપાવત (તૃતીય) | હિંમતનગર સર્કલ ઑફિસ |

| | | |
|---|---|---|
| **લીંબુ ચમચી** | જે. આર. મીસ્ત્રી (પ્રથમ) | હિંમતનગર સર્કલ ઑફિસ |
| | એસ. એ. પટેલ (દ્વિતીય) | સલાલ સ. ડી. |
| | એસ. આઈ. મીર્ઝા (તૃતીય) | હિંમતનગર સર્કલ ઑફિસ |
| **સંગીતખુરશી** | જીજ્ઞાસા જી. મોદી. (પ્રથમ) | હિંમતનગર ડિ. ઓ. |
| | એમ. આર. પટેલ (દ્વિતીય) | આર. એસ. ઓ. હિંમતનગર |
| | એસ. આઈ. મીર્ઝા (તૃતીય) | હિંમતનગર સર્કલ ઑફિસ |
| **સુલેખન સ્પર્ધા** | જે. કે. ચૌહાણ, (પ્રથમ) | હિંમતનગર સર્કલ ઑફિસ |
| | જે. આર. મીસ્ત્રી (દ્વિતીય) | હિંમતનગર સર્કલ ઑફિસ |
| | એમ. કે. સુથાર (તૃતીય) | હિંમતનગર સર્કલ ઑફિસ |
| **વૉલિબોલ** | હિંમતનગર ડિ. ઓ. (પ્રથમ) | |
| | હિંમતનગર ડિ. ઓ. (ટેક.) (રનર અપ) | |

સ્પર્ધામા અંતે વિજેતા કર્મચારીઓને શ્રી આર. જી. એન્જિનીયર મુ.કા.અ. અને અ. ઈ. તથા શ્રી એમ. આર. પટેલ કાર્યપાલક ઇજનેર, હિંમતનગર દ્વારા ઇનામ વિતરણ કરવામાં આવેલ. હિંમતનગર વર્તુળ તથા વિભગીય કચેરી દ્વારા કંપની દિનની ઉજવણી માટે સુંદર આયોજન હાથ ધરવામાં આવેલ.

## પાલનપુર ખાતે રમત ગમત અને સાંસ્કૃતિક કાર્યક્રમ

પાલનપુર વર્તુળ કચેરીએ કંપની દિનના અનુસંધાનમાં તેના તાબામાં આવતી તમામ કચેરીઓના કર્મચારીઓ અને તેમના પરિવારજનો માટે રમત-ગમત અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરેલ.

૩૦મી તારીખે સવારે ૯-૦૦ કલાકથી સાંજે ૫-૦૦ કલાક સુધી પાલનપુર મુકામે કિંગ ફિફ્થ જ્યોર્જ કલબ ખાતે વિવિધ રમત-ગમતનું આયોજન કરેલ. જેમાં ક્રિકેટ, વૉલિબોલ, કેરમ, ચેસ, સંગીત-ખુરશી, લીંબુ-ચમચી અને રસ્સા-ખેંચ જેવી



રમતોની સ્પર્ધા યોજી જેમાં વિજેતા થયેલ ટીમો અને સ્પર્ધકોને ટ્રોફી આપવામાં આવી.

૧ એપ્રિલના રોજ સાંજે ૭-૩૦ કલાકથી રાત્રે ૨-૧૫ કલાક સુધી વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ, જેમાં દેશભક્તિ ગીત, ફિલ્મગીત, શૌર્યગીત, ભજન, મીમીક્રી અને રાસ-ગરબાનું આયોજન કરવામાં આવ્યું, જેમાં કર્મચારીઓ અને તેમના પરિવારજનોએ ખૂબ જ ઉત્સાહથી સ્પર્ધાઓમાં ભાગ લીધો. તેમાં વિજેતા થયેલ સ્પર્ધકોને ટ્રોફી આપવામાં આવી.

આ સિવાય બાળકોનો ઉત્સાહ વધારવા અધિકારીગણ અને કર્મચારીઓ તરફથી સ્પર્ધામાં ભાગ લીધેલ તમામ બાળકોને રોકડ પુરસ્કાર આપવામાં આવ્યો.

પાલનપુર વર્તુળ કચેરીના સંપૂર્ણ બિલ્ડિંગને સુંદર અને ઝળહળતું બનાવવા માટે રોશનીથી શણગારવામાં આવી હતી.

સંપૂર્ણ કાર્યક્રમ દરમિયાન તમામ કર્મચારી-અધિકારીગણ પોતાના પરિવાર સાથે હાજર રહ્યા હતા અને કાર્યક્રમને સફળ બનાવવા તેમ જ બાળકો અને કર્મચારી-સ્પર્ધકોનો ઉત્સાહ વધારવા સહભાગી બન્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં પ્રસંગનું અધ્યક્ષ સ્થાન અધિક્ષક ઇજનેર શ્રી ડી. સી. પરમાર, પાલનપુરે શોભાવ્યું હતું અને પ્રસંગને અનુરૂપ ટૂંકું પ્રવચન આપ્યું હતું.

આમંત્રિત મહાનુભવોમાં શ્રી વી. એ. ગુપ્તા, એડી. સી. ઈ., યુજીવીસીએલ કોર્પોરેટ ઑફિસ-મહેસાણા, શ્રી પી. એ. પટેલ અધિક્ષક ઇજનેર જેટકો, વર્તુળ કચેરી પાલનપુર, શ્રી જી. કે. વાગડા વિશેષ મુખ્ય ઇજનેર (નિવૃત્ત) શ્રી આર. પી. પટેલ, કાર્યપાલક ઇજનેર, વિભાગીય કચેરી, પાલનપુર શ્રી જે. એમ. મોચી કાર્યપાલક ઇજનેર શ્રી પાલનપુર, ડી. ઓ. ૨, શ્રી જે. કે. પટેલ, કાર્યપાલક ઇજનેર (રીટાયર્ડ), શ્રી એલ. એ. ગઢવી (નાયબ ઇજનેર, પાલનપુર સીટી) શ્રી એસ. ભટ્ટાચાર્ય (એક્ઝિક્યુટીવ આસિસ્ટન્ટ ઓફ એમ. ડી.) કોર્પોરેટ ઑફિસ મહેસાણા અને અન્ય મહાનુભાવો પણ હાજર રહ્યા હતા અને બાળકોને તથા કર્મચારી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા. પ્રસંગમાં નાસ્તો અને ચા-પાણીની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. પ્રસંગને વધુ સુંદર બનાવવા શ્યામ બીટસ એન્ડ ઓરકેસ્ટ્રા પાલનપુરનો સુંદર સહયોગ સાંપડયો હતો.

બંને દિવસના કાર્યક્રમોને સફળ બનાવવાના આયોજનનો યશ ઓર્ગેનાઈઝેશન કમિટિના ફાળે જાય છે. ઓર્ગેનાઈઝેશન કમિટિએ સખત મહેનત અને પરિશ્રમથી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. જે કમિટિ નીચે મુજબ છે.

| નામ અને હોદ્દો | પ્રવૃત્તિ |
|---|---|
| શ્રી એન. બી. બલાત, આસિ. સેક્રેટરી વર્તુળ કચેરી | પ્રમુખ |
| શ્રીપી. એચ. શાહ, એ. ઓ.વર્તુળ કચેરી | નાણાંકીય |
| શ્રીમતી જી. એન. પટેલ, ડીઈ ડી. ઓ.-૨ | રાસ-ગરબા |
| શ્રી બી. સી. ચૌહાણ, જે.ઈ.વર્તુળ કચેરી | ડેકોરેશન |
| શ્રી વી. એમ. પ્રજાપતિ, જે. ઈ. પાલનપુર સીટી | ડેકોરોશન |

| | |
|---|---|
| શ્રી એમ. એસ. પટેલ, ડે. એસ. એ. વર્તુળ કચેરી | અન્ય |
| શ્રી આર. એચ. બ્રહ્મભટ્ટ જૂનિ.આસિ.ડી.ઓ.-૧ | સાંસ્કૃતિક |
| શ્રી કે. બી. પુરોહિત, જૂનિ. આસિ. ડી. ઓ.-૧ | રમત-ગમત |

સાંસ્કૃતિક કાર્યક્રમના ઉદ્‌ઘોષક શ્રી આર. એચ. બ્રહ્મભટ્ટે કાર્યક્રમને પોતાની આગવી શૈલીમાં રજૂ કરી સફળતા અપાવવામાં સંપૂર્ણ યોગદાન આપ્યું. આ પ્રસંગની માહિતીનું સંકલન શ્રી આર. એચ. બ્રહ્મભટ્ટ, જૂનિ.આસિ., ડી. ઓ-૧ દ્વારા કરવામાં આવ્યું.

## વિવિધ વિજેતાઓની યાદી

| વિજેતા | કૃતિ |
|---|---|
| **ડાન્સ (બાળકો)** | |
| શ્વેતા રાજગોર | બોલે ચુડીયા... |
| સપના પ્રજાપતિ | મૈને પાયલ હૈ છનકાઈ... |
| માહિરા સી. ચૌહાણ | પરદેશીયા યે સચ હૈ પીયા... |
| **ફિલ્મ-ગીત સ્પર્ધા (બાળકો)** | |
| નિકિતા આર.બ્રહ્મભટ્ટ | જાને ક્યું લોગ મહોબ્બત... |
| સુરેશ એચ. સોલંકી | જિંદગી મોત ના બને જાય... |
| જિજ્ઞેશ એચ. સોલંકી | ફિરકી વાલી તુ કલ ફિર આના... |
| **ફિલ્મ-ગીત સ્પર્ધા (કર્મચારી)** | |
| બી. જી. કોઈટીયા | આને સે ઉસકે આયે બહાર... |
| આર. એચ. બ્રહ્મભટ્ટ | પલ પલ દિલ કે પાસ... |
| જે. એ. ચૌહાણ | વેણુમાં વિરડો... |
| **દેશ ભક્તિ-ગીત સ્પર્ધા (કર્મચારી)** | |
| પી. એચ. ઠાકર | સાથી હાથ બઢાના... |
| એ. બી. ચડોખીયા | ભારત મારો દેશ રે... |
| **ભજન (કર્મચારી)** | |
| જે. એસ. બારોટ | ઊંચી મેડી તો મારા સંતની રે... |
| બી. એસ. રાવલ | મનુષ્ય જેવા ટાણા વાલા તને... |
| એચ. સી. ઠાકર | ઓધાજી મારા વાલાને... |

### અન્ય સ્પર્ધાઓના વિજેતાઓ

**ક્રિકેટ**

૧. ચેમ્પિયન- ડિસા -૧ ડિવિઝન
૨. રનર્સ અપઃ- રાધનપુર ડિવિઝન
૩. મેન ઓફ દ સિરિઝઃ- બી. જી. કોઈટીયા, જુ.આસિ. ડીસા-૧ (૨૦૪ રન-૩ વિકેટ)
૪. બેસ્ટ બેટસમેનઃ- બી.જી.કોઈટીયા, જુ.આસિ. ડીસા-૧ (૨૦૪ રન)
૫. બેસ્ટ બોલરઃ- કે. જે. પટેલ, સી. આસિ. ડીસા -૧. (૪ વિકેટ)

**વૉલિબોલ**

૧. ચેમ્પિયન- પાલનપુર સર્કલ
૨. બેસ્ટ શૂટરઃ જે. એ. ચૌહાણ

**સંગીતખુરશી (કર્મચારી)**

| પુરૂષ | બહેનો |
|---|---|
| ૧. ડી.એસ. વાઘેલા | ૧. કૃતિકાબેન જોષી |
| ૨. જે. એ. ચૌહાણ | ૨. ઉષાબેન કકાણી |
| ૩. એસ. એલ ઝાંપે | ૩. શીતલ મકવાણા |

**કેરમ**

| પુરૂષ | બહેનો |
|---|---|
| ૧. એમ. એમ. સૈયર | ૧. ઉષાબેન કકાણી |
| ૨. સી. એમ. દેસાઈ | ૨. કૃતિકાબેન જોષી |
| ૩. એ. ડી. મોઢ | ૩. શીતલ મકવાણા |

**ચેસ**

**પુરૂષ**

૧. એ. ડી. મોઢ
૨. એ. કે. પટેલ
૩. એ. એમ. પટેલ

**બાળકો**

**રસ્સા ખેંચઃ-**

૧. ભારદ્વાજ હેમાંગી આર.
૨. ઝાંપે સાગર એસ.
૩. વાઘેલા હિતેન્દ્ર ડી.

**લીંબુ ચમચી**

૧. રીતેષ ટી.બરંડા
૨. રાહુલ કકાણી
૩. સાગર એસ. ઝાંપે

**સંગીતખુરશી**

૧. રાહુલ કકાણી
૨. જુવૈરીયા જે. સૈયદ
૩. રીતેષ ટી. બરંડા

**કેરમ**

૧. ભારદ્વાજ હેમાંગી આર.
૨. જુવૈરીયા જે. સૈયર
૩. રાહુલ કકાણી

**ચેસ**

૧. રાહુલ કકાણી
૨. જીલ કાંતીભાઈ પટેલ
૩. ઝાંપે સાગર એસ.

આમ સમગ્ર કંપનીના તમામ અધિકારીઓ, કર્મચારીઓ અને તેમના પરિવારજનોએ ઉત્સાહભેર કંપની દિન નિમિત્તે યોજાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમો અને સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો અને સમગ્ર આયોજનને સફળ બનાવ્યુ હતુ.

આ ઉજવણી દરમિયાન, એક વિશાળ પરિવાર સમી આપણા કંપનીના સભ્યોમાં કેટલી આત્મીયતા છે તે પણ દેખાઈ આવ્યું હતું. ■

## નવીનીકરણ થયેલ ગાંભોઈ પેટા કચેરી

# ગ્રાહકોની સેવામાં અર્પણ



તાજેતરમાં, હિંમતનગર વર્તુળ કચેરીના તાબા હેઠળની ગાંભોઈ પેટા વિભાગીય કચેરીના નવીનીકરણ કરાયેલ મકાનને ખાસ ફરજ પરના અધિકારી શ્રી પી. આર. ચૌધરીએ ગ્રાહકોની સેવામાં અર્પણ કર્યું.

આ માટે તારીખ ૦૩/૦૪/૨૦૦૮ના રોજ યોજાયેલા એક સમારંભમાં શ્રી એમ. જી. પટેલ, મુખ્ય ઈજનેર, શ્રી પી. જે. પટેલ, મુખ્ય ઈજનેર, ડો. શ્રી મહેન્દ્રસિંહ ચૌહાણ પ્રમુખશ્રી, સાબરકાંઠા જીલ્લા પંચાયત, શ્રી એસ. એચ. સહદાદપૂરી, વિશેષ મુખ્ય ઈજનેર (સિવિલ), શ્રી મહેન્દ્રભાઈ પટેલ, ઉપપ્રમુખ, તલોદ, તાલુકા પંચાયત, શ્રી આર. જી. એન્જિનીયર, મુ. કા. અ. અને અધિક્ષક ઈજનેર, હિંમતનગર વગેરે મહાનુભાવોએ હાજરી આપી હતી. આ પ્રસંગે નવીનીકરણ થયેલ ગાંભોઈ પેટા વિભાગીય કચેરીના નાયબ ઈજનેરશ્રી દ્વારા ગાયત્રી યજ્ઞ કરાવવામાં આવેલ.

શ્રી એમ. આર. પટેલ, કાર્યપાલક ઈજનેર દ્વારા પધારેલ મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવેલ. ત્યાર બાદ બૂકે આપી સન્માન કરવામાં આવેલ.

પ્રાસંગિક પ્રવચનમાં મુખ્ય ઈજનેર શ્રી એમ. જી. પટેલે ઈન્ડીયન ઈલેક્ટ્રીસીટી એક્ટ ૨૦૦૩ અન્વયે ઊભી થયેલ પરિસ્થિતિમાં દરેક કર્મચારીઓનો અભિગમ સ્પષ્ટપણે ગ્રાહકલક્ષી જ હોવો જોઈએ તે બાબત પર ભાર મુકેલ. વીજ વિતરણ એ હવે 'મોનોપોલી'ની બાબત ન રહેતાં ગ્રાહકલક્ષી બની ગયેલ હોઈ કોઈ પણ પ્રશ્ન માટે આવેલ ગ્રાહકને સંપૂર્ણ સંતોષ આપી ફરીવાર એ જ પ્રશ્ન માટે આપણી કચેરીએ આવવું ન પડે તેવી પ્રતિબદ્ધતા વ્યક્ત કરવા કર્મચારીઓને અનુરોધ કરેલ. નવીનીકરણ થયેલ મકાન ગ્રાહકોની અને કર્મચારીઓની સગવડોમાં વધારો કરશે તેવી આશા વ્યક્ત કરેલ. શ્રી મહેન્દ્રસિંહ ચૌહાણે પોતાના ઉદ્‌બોધનમાં જણાવેલ કે, ''અગાઉ જી. ઈ. બી. અને હાલની ઉત્તર ગુજરાત વીજ કંપની બંનેના નોંધપાત્ર ગ્રાહકલક્ષી અભિગમ સ્પષ્ટપણે નજરે જોવા મળેલ છે. માનનીય મુખ્ય મંત્રીશ્રી દ્વારા અમલમાં મુકવામાં આવેલ જ્યોતિગ્રામ યોજનાથી ચોક્કસપણે ગ્રામ્ય જીવનમાં સામાજિક અને આર્થિક પરિવર્તનો આવેલ છે. જ્યોતિગ્રામ યોજનાથી ગુજરાતનું ગૌરવ સમગ્ર ભારતમાં વધેલ છે. ભારતના મુખ્ય શહેરો જેવા કે, જયપુર, દિલ્હી, મુંબઈ જેવા શહેરોમાં લાઈટો અવારનવાર જાય છે. જ્યારે ગુજરાતમાં તમામ ગામોમાં સતત ૨૪ કલાક વીજ સપ્લાય મળે છે તે ગૌરવપૂર્ણ બાબત છે.''

> **''દેશનાં અન્ય રાજ્યોનાં મોટાં શહેરોમાં લાઈટ અવારનવાર જાય છે. જ્યારે ગુજરાતમાં તમામ ગામોમાં સતત ૨૪ કલાક વીજ સપ્લાય મળે છે''**

શ્રી મહેન્દ્ર પટેલ, ઉપપ્રમુખ તાલુકા પંચાયત, ગાંભોઈ દ્વારા સબ ડિવિઝનના કર્મચારીઓની સેવાઓને બીરદાવી હતી.

શ્રી પી. આર. ચૌધરી, ખાસ ફરજ પરના અધિકારીએ આગામી પરિસ્થિતિમાં કર્મચારીઓએ ગ્રાહકો માટે સેવા પૂરી પાડવા ખાસ કાળજી લેવાની સુચના આપેલ. કચેરીના નવીનીકરણ બાદ કર્મચારીઓની સુવિધામાં વધારો થયેલ છે. જેથી ગ્રાહકને આવકારી તેમના પ્રશ્નોનો ત્વરિત નિકાલ કરવા જણાવેલ. કંપનીના થયેલ વિકાસમાં પ્રબળ રાજકીય ઈચ્છા શકિતએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. તેમ જ કંપનીના નાનામાં નાના કર્મચારીઓએ આપેલ યોગદાનનો સ્વીકાર કરેલ.

આ પ્રસંગે નિવૃત્ત લાઇનમેન કર્મચારીઓ શ્રી એ. જી. બલોચ, શ્રી એસ. એમ. પરમાર, અને શ્રી એન. બી. પટેલનું સન્માન કરવામાં આવેલ. અંતમાં શ્રી એન. જે. પટેલ, નાયબ ઈજનેરશ્રી આભારવિધિ કરેલ. શ્રી આર. આર. જોશી નાયબ અધિક્ષક, હિસાબ, શહેર પેટા વિભાગ, હિંમતનગરે કાર્યક્રમનું સંચાલન કરેલ. વિશાળ સંખ્યામાં કર્મચારીઓ અને ગ્રાહકોએ હાજરી આપેલ. ■

## હિંમતનગર ખાતે ધારાસભ્યશ્રીના હસ્તે

# એનીટાઇમ પેમેન્ટ સેન્ટરનું ઉદ્‌ઘાટન

ગ્રાહકોની સુવિધામાં સતત સુધારો કરવો એ આપણી કંપનીનું પ્રથમ ધ્યેય છે. એ પરંપરાને અનુસરતાં, હિંમતનગર ખાતે શહેર પેટા વિભાગીય કચેરીમાં ગ્રાહકો ગમે તે સમયે વીજ બીલના નાણાંની ચૂકવણી કરી શકે તે માટે તા. ૦૩-૦૪-૨૦૦૮ ના રોજ 'એનીટાઇમ પેમેન્ટ સેન્ટર' ગ્રાહકોની સેવામાં સમારંભના પ્રમુખ શ્રી પ્રફુલભાઈ પટેલ, ધારાસભ્ય, હિંમતનગર દ્વારા અર્પણ કરવામાં આવેલ.

કાર્યક્રમની શરૂઆતમાં હિંમતનગર વર્તુળ કચેરીની બહેનોના પ્રાર્થના ગીતથી કરવામાં આવેલ. શ્રી આર. જી. એન્જિનીયરે પધારેલ મહાનુભાવોનું સ્વાગત કરી સેન્ટર વિશે વિગતવાર માહિતી પૂરી પાડેલ. આ સમારંભમાં સાબરકાંઠા જીલ્લા કલેકટરશ્રી એન. થેન્નારસન, જીલ્લા વિકાસ અધિકારી શ્રી રૂપવંતસિંગ, શ્રી જયંતિભાઈ જયચંદ શાહ, પ્રમુખ, વેપારીમંડળ, હિંમતનગર, શ્રી ટીકુભાઈ ઠક્કર, પ્રમુખ જી. આઈ. ડી. સી હિંમતનગર, નાગરિક બેંકના ચેરમેન શ્રી નાથાભાઈ પટેલ, ખાસ ફરજ પરના અધિકારી શ્રી પી. આર. ચૌધરી, મુખ્ય ઈજનેર શ્રી એમ. જી. પટેલ, શ્રી પી. જે. પટેલ, શ્રી એચ. એસ. સહદાદપુરી વિશેષ મુખ્ય ઈજનેર (સિવિલ) તથા હિંમતનગરના પ્રતિષ્ઠિત નાગરિકો, ગ્રાહકો અને કર્મચારીઓએ વિશાળ સંખ્યામાં હાજરી આપેલ.

પ્રાસંગિક પ્રવચનમાં કંપનીના મુખ્ય ઈજનેર શ્રી પી. જે. પટેલે જણાવેલ કે, ગ્રાહકલક્ષી અભિગમના ભાગરૂપે જરૂરી પ્રવૃત્તિઓ કંપની દ્વારા કરવામાં આવે છે. જે અંતર્ગત એટીપી સેન્ટરની હિંમતનગર ખાતે શરૂ કરવામાં આવેલ છે. જેનાથી ગ્રાહકો પોતાના બીલના નાણાંની ચૂકવણી ગમે તે સમયે કરી શકે છે.

શ્રી એમ. જી. પટેલ મુખ્ય ઈજનેરે કર્મચારીઓને સંબોધન દ્વારા આજના સ્પર્ધાત્મક યુગમાં ગ્રાહક કેન્દ્ર સ્થાને હોઈ ગ્રાહકલક્ષી અભિગમ દ્વારા ઉત્કૃષ્ટ સેવા આપવા તત્પર રહેવા હાકલ કરેલ.

જીલ્લા વિકાસ અધિકારીશ્રી રૂપવંતસિંગે જણાવેલ કે, પરિણામલક્ષી અભિગમમાં ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ અગ્રેસર છે. કંપનીનો ગ્રાહકલક્ષી અભિગમ હકારાત્મક હોવાનું મંતવ્ય વ્યકત કરેલ. કંપની આ પ્રકારના ગ્રાહકલક્ષી અભિગમ સાથે ભવિષ્યમાં સફળતાના શિખરો સર કરે તેવી શુભેચ્છા પાઠવેલ.


સાબરકાંઠા જીલ્લાના કલેકટર શ્રી એન. થેન્નારસને પોતાના પ્રાસંગિક

**એનીટાઇમપેમેન્ટ સેન્ટરમાં ગ્રાહકો પોતાનાં બિલનાં નાણાંની ચૂકવણી તેમને અનુકૂળ એવા ગમે તે સમયે કરી શકે છે.**

ઉદ્‌બોધનમાં જણાવેલ કે, અગાઉ જીઈબી અને હાલની કંપનીકરણની પરિસ્થિતિમાં નોંધપાત્ર ફેરફાર થઈ રહેલ છે જે સ્પષ્ટપણે જોઈ શકાય છે. ગ્રાહકલક્ષી અભિગમ અંગે થઈ રહેલ કામગીરીની પ્રસંશા કરેલ.

ધારાસભ્ય શ્રી પ્રફુલ્લભાઈ પટેલે જણાવેલ કે, છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન થઈ રહેલ પ્રવૃત્તિઓ ઉંડી આંખે વળગે તેવી છે. કંપનીએ મેળવેલ સિદ્ધિઓ અંગે હૃદયપૂર્વક અભિનંદન પાઠવેલ. ગુજરાત સરકારની મહત્ત્વકાંક્ષી જયોતિગ્રામ યોજના દ્વારા સમગ્ર ભારતમાં ગુજરાતને ગૌરવ અપાવવાનું કાર્ય કરવા બદલ આનંદની લાગણી વ્યકત કરેલ. એટીપી કાઉન્ટર ગ્રાહકની સુવિધામાં વધારો કરશે તેવી આશા વ્યકત કરેલ. આ સમારંભમાં આમંત્રણ આપવા બદલ કંપનીનો આભાર વ્યકત કરેલ.

શ્રી આર. આર. જોશી, નાયબ અધિક્ષક (હિસાબ) શહેર પેટા વિભાગ, હિંમતનગરે આભારવિધિ કરેલ. શ્રી જે. એલ. ભટ્ટ ઈન્ચાર્જ કાર્યપાલક ઈજનેર તલોદે સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરેલ. ■



# ખેડબ્રહ્મા અને તલોદમાં નવાં કસ્ટમર કેર સેન્ટરનો શુભારંભ — કુલ સેન્ટર ૨૩ થયાં

આપણી વીજ કંપની **'સર્વોત્તમ સેવા થકી ગ્રાહકને સંતોષ'** સતત પ્રતિબદ્ધ રહે છે. એ જ ધ્યેયને અનુસરીને આપણે જૂનાં ફોલ્ટ સેન્ટરના સ્થાને કસ્ટમર કેર સેન્ટરનો નવો અભિગમ અપનાવ્યો છે. ફોલ્ટ સેન્ટરમાં માત્ર ગ્રાહકોની ફરિયાદો જ નોંધીને તેનું નિવારણ કરવામાં આવતું હતું. જ્યારે 'કસ્ટમર કેર સેન્ટર' હાલની કામગીરી ઉપરાંત વીજ ગ્રહકોને પડતી કોઈ પણ પ્રકારની મુશ્કેલીઓનું નિવારણ ઝડપથી થાય તેવા પ્રયત્નો હાથ ધરવામાં આવે છે.

એપ્રિલ ૩, ૨૦૦૮ના રોજ ઇડર વિભાગીય કચેરી હેઠળની ખેડબ્રહ્મા પેટા વિભાગીય કચેરીમાં ૨૨મા અને ૭ જૂન, ૨૦૦૮ના રોજ તલોદ વિભાગીય કચેરીના સંકુલમાં ૨૩મા કસ્ટમર કેર સેન્ટરનો શુભારંભ થયો.

ખેડબ્રહ્માના કસ્ટમર કેર સેન્ટરનું ખાસ ફરજ પરના અધિકારી શ્રી પી. આર. ચૌધરી દ્વારા લોકાર્પણ કરવામાં આવેલ છે. શ્રી એમ. જી. પટેલ મુખ્ય ઇજનેરશ્રી, શ્રી પી. જે. પટેલ મુખ્ય ઇજનેરશ્રી, શ્રી એસ. એચ. સહદાદપૂરી, વિશેષ મુખ્ય ઇજનેરશ્રી (સિવિલ), શ્રી આર. જી. એન્જિનીયર, મુ. કા. અ. અને અ. ઈ. શ્રી હિંમતનગર તથા વિશાળ સંખ્યામાં કર્મચારીઓ અને ગ્રાહકોએ હાજરી આપેલ.

આ પ્રસંગે ખાસ ફરજ પરના અધિકારી શ્રી પી. આર. ચૌધરીએ પ્રાસંગિક પ્રવચનમાં પછાત ગણાતા આ વિસ્તારમાં કસ્ટમર કેર સેન્ટરની સુવિધા ખૂબ જ મહત્ત્વની પુરવાર થશે તેવો આશાવાદ વ્યકત કરેલ. ઇન્ડિયન ઈલેક્ટ્રીસીટી એક્ટ - ૨૦૦૩ અન્વયે બદલાયેલ પરિસ્થિતિમાં ગ્રાહકો કેન્દ્ર સ્થાને હોવાથી ગ્રાહકોને વધુ સારી સેવાઓ મળે અને તેઓનો કંપનીની કામગીરી પ્રત્યેનો અભિગમ બદલાય તે અત્યારના સમયની તાકીદની જરૂરિયાત હોવાનું જણાવેલ. ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ હસ્તકની વીજ વિતરણ કંપનીઓમાં વધુ કસ્ટમર કેર સેન્ટરના લોકાર્પણ દ્વારા ગ્રાહકલક્ષી અભિગમમાં કંપની અગ્રેસર રહેલ છે. શ્રી વી. એસ. કટારા, નાયબ ઇજનેરે કાર્યક્રમના અંતે આભારવિધિ કરેલ.

તા. ૦૭-૦૬-૨૦૦૮ના રોજ તલોદ વિભાગીય કચેરીના સંકુલમાં વીજ ગ્રાહકોના ફરિયાદોનો ત્વરિત નિકાલ થાય તેવા હેતુસર ૨૩માં કસ્ટમર કેર સેન્ટરના લોકાર્પણ કાર્યક્રમનું આયોજન હિંમતનગર વર્તુળ કચેરી દ્વારા કરવામાં આવેલ.

આ પ્રસંગે કંપનીના નવનિયુક્ત




**કંપની વીજગ્રાહકોને પડતી કોઈ પણ મુશ્કેલીનું ઝડપથી નિવારણ કરવા તત્પર છે.**

મેનેજિંગ ડિરેક્ટર શ્રી એ. કે. વર્મા, મુખ્ય ઇજનેર શ્રી એમ. જી. પટેલ, શ્રી પી. જે. પટેલ, વિશેષ મુખ્ય ઇજનેર (સિવિલ), શ્રી એચ. એસ. સહદાદપૂરી, મુ. કા. અ. અને અ. ઈ., હિંમતનગર, શ્રી આર. જી. એન્જિનીયર, ગ્રામ પંચાયતના સરપંચશ્રી મહેશભાઈ પી. ઉપાધ્યાય, તલોદના નાગરીકો કર્મચારીઓએ અને પત્રકારોએ વિશાળ સંખ્યામાં હાજરી આપેલ.

કાર્યક્રમની શરૂઆત શ્રી માણેકકૃપા વિદ્યા મંદિર, હિંમતનગરની બાળાઓના પ્રાર્થના ગીતથી કરવામાં આવેલ. ત્યાર બાદ બાળાઓએ 'સ્વાગત નૃત્ય' રજૂ કરેલ. તલોદના કાર્યપાલક ઇજનેર શ્રી જે. એલ. ભટ્ટે મહાનુભાવોનું સ્વાગત કરેલ. ગ્રાહક સુવિધા કેન્દ્રની ગ્રાહકલક્ષી ઉપયોગીતા તેમ જ ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા ઊભી કરવામાં આવેલ નવીનત્તમ સુવિધાનો મહત્તમ ઉપયોગ કરવા અનુરોધ કરવામાં આવેલ. ત્યાર બાદ દીપ પ્રાગટ્ય કરી માનનીય મેનેજિંગ ડિરેક્ટરશ્રીએ કાર્યક્રમની શરૂઆત કરેલ.

અદ્યતન સગવડ ધરાવતા ''કસ્ટમર કેર સેન્ટર''ને ખૂબ સુંદર રીતે સુશોભિત કરવામાં આવેલ. જેનાંથી ૨૪ કલાક ગ્રાહકોની ફરિયાદ ટેલિફોન ઉપર નોંધી જે તે સબ ડિવિઝનના નાયબ ઇજનેરને મોકલવામાં આવે છે અને ફરિયાદનો નિકાલ ન થાય ત્યાં સુધી તમામ પ્રક્રિયાનું કોમ્પ્યુટર દ્વારા મોનિટરિંગ કરવામાં આવે છે. ગુજરાત વીજ નિયમન પંચની ભલામણ અનુસાર નિર્ધારિત સમયમાં જ ફરિયાદોનો નિકાલ થાય તે અંગેની કાળજી રાખવામાં આવે છે.

પ્રાસંગિક પ્રવચનમાં મુ.કા.અ. અને અધિક્ષક ઇજનેર શ્રી આર. જી. એન્જિનીયરે ગ્રાહકોને કસ્ટમર કેર સેન્ટરનો મહત્તમ ઉપયોગ કરવા તેમ જ કર્મચારીઓને ફરિયાદોનો ત્વરિત અસરકારક રીતે નિકાલ કરવા જણાવેલ. મુખ્ય ઇજનેર શ્રી એમ. જી. પટેલે ગ્રાહકોને જાગૃત રહેવા તેમ જ ફરિયાદોના ત્વરિત નિકાલ માટે જરૂર સૂચનો કરેલ.

મેનેજિંગ ડિરેક્ટર શ્રી એ. કે. વર્માએ પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં વીજ વિતરણ ક્ષેત્રે ઉત્કૃષ્ઠ કામગીરી દ્વારા કેન્દ્ર સરકારના વીજ મંત્રાલય તરફથી 'બ્રોન્ઝ શીલ્ડ' એવોર્ડ મેળવી ભારતભરમાં ખ્યાતિ મેળવનાર ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર તરીકે ચાર્જ સંભાળવા માટે ગૌરવની લાગણી દર્શાવી, કંપનીની કામગીરી માટેના રચનાત્મક સુચનો માટે ગ્રાહકોને આહ્વાન આપેલ. પ્રવર્તમાન સંજોગોમાં થઈ રહેલ કામગીરી અંગે કર્મચારીમાં પોતાનો વિશ્વાસ વ્યક્ત કરેલ. કર્મચારીઓને પોતાની કાર્યક્ષમતાનો મહત્તમ ઉપયોગ કરી કંપનીની પ્રગતિના ભાગીદાર બનવા હાકલ કરેલ.

કાર્યક્રમના અંતમાં શ્રી એચ. એમ. શાહ, નાયબ ઇજનેર, તલોદ વિભાગીય કચેરીએ આભારવિધિ કરેલ. હિંમતનગર વર્તુળ કચેરી તથા તલોદ વિભાગીય કચેરીના કર્મચારીઓએ સુંદર આયોજન કર્યું હતું. ■

# આકસ્મિક વાવાઝોડા બાદ ઝડપી કામગીરી

કોઈ પણ આસમાની આફત ત્રાટકે ત્યારે સ્વાભાવિક રીતે, વીજ પુરવઠાને તેની ગંભીર અસર પહોંચે છે. તેમ, આફતના સંજોગોમાં લોકોને ત્વરિત રાહત આપવા માટે, વીજ પુરવઠાને તાબડતોબ યંત્રવત કરવો પણ અનિવાર્ય હોય છે. થોડા દિવસો પહેલાં ઉત્તર ગુજરાત વીજ કંપનીના કર્મચારીઓને આ સ્થિતિનો ફરી એક વાર સામનો કરવાનો થયો. તારીખ ૦૪-૦૪-૨૦૦૮ના રોજ ઉત્તર ગુજરાતમાં વાતાવરણે અચાનક પલટો લેતાં ભારે વાવાઝોડા અને વરસાદની પરિસ્થિતિનું નિર્માણ થયું હતું.

ઉત્તર ગુજરાત વીજ કંપની હેઠળના છ જીલ્લાઓ પૈકી સાબરકાંઠા, મહેસાણા, પાટણ જીલ્લામાં વાવાઝોડા અને વરસાદની અસર થવાને લીધે ૧ કરોડ ૧૫ લાખ રૂપિયાનું નુક્સાન થયું હતું. કુલ ૮૪૧ થ્રી ફેઇઝ સર્વિસ લાઇન, ૩૬૬૪ સીંગલ ફેઇઝ સર્વિસ લાઇન, ૫૭૪ વોટર વર્કસના કનેકશન ૧૨૨૬ ફીડર ૨૧૫૧ ગામ, ૧૩ શહેરો, ૭૭૮ એચ.ટી.પોલ, ૯૬૨ એલ. ટી. પોલ, ૭૦.૧૯ કિ.મી. એચ. ટી. લાઇન, ૭૪.૨૭ કિ.મી એલ. ટી. લાઇન અને ૫૦ ટ્રાન્સફોર્મરને અસર થઈ હતી.

**વાવાઝોડાથી ૨૧૫૧ ગામ, ૧૩ શહેરોમાં કુલ ૧ કરોડ ૧૫ લાખ રૂપિયાનું નુક્સાન થયું અને નીચેનાં સાધનોને અસર પહોંચી...**

**૮૪૧ થ્રી ફેઇઝ સર્વિસ લાઇન**

**૩૬૬૪ સીંગલ ફેઇઝ સર્વિસ લાઇન**

**૫૭૪ વોટર વર્કસકનેકશન**

**૧૨૨૬ ફીડર**

**૭૭૮ એચ.ટી.પોલ અને ૯૬૨ એલ.ટી.પોલ**

**૭૦.૧૯ કિ.મી એચ.ટી.લાઇન**

**૭૪.૨૭ કિ.મી એલ.ટી.લાઇન**

**૫૦ ટ્રાન્સફોર્મર**

વીજ વિતરણની વ્યવસ્થા ખોરવાઈ જતાં માત્ર ૪૮ કલાકના ટૂંકા ગાળામાં સમગ્ર પરિસ્થિતિને નિયંત્રણમાં લઈ વીજ પુરવઠો પુન: સ્થાપિત કરવામાં આવેલ. ખાસ ફરજ પરના અધિકારી શ્રી પી. આર. ચૌધરીના માર્ગદર્શન હેઠળ શ્રી એમ. જી. પટેલ, શ્રી પી. જે. પટેલ મુખ્ય ઈજનેર દ્વારા સાબરમતી, હિંમતનગર, પાલનપુર અને મહેસાણા વર્તુળ કચેરીના કર્મચારીઓના સહયોગથી સફળ કામગીરી હાથ ધરવામાં આવેલ.

ગત ચોમાસા દરમિયાન વીજ વિક્ષેપની કામગીરીને પહોંચી વળવા કાર્યરત સતત ૨૪ કલાકના કન્ટ્રોલ રૂમની વ્યવસ્થાને લીધે ઝડપથી નુક્સાનનો અંદાજ મેળવવામાં કોર્પોરેટ ઑફિસને સફળતા મળી હતી. કન્ટ્રોલ રૂમ દ્વારા ચારેય વર્તુળ કચેરીની તમામ વિભાગીય અને પેટા વિભાગીય કચેરીનું મોનીટરિંગ કરવામાં આવ્યું હતું. ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડના સત્તાવાળાઓને સમગ્ર પરિસ્થિતિથી શ્રી પી. આર. ચૌધરી, ખાસ ફરજ પરના અધિકારી દ્વારા માહિતગાર કરવામાં આવેલ.

કન્ટ્રોલ રૂમ શરૂ કરવાનો મુખ્ય હેતુ કંપનીના કાર્યક્ષેત્રના વિસ્તારોમાં આકસ્મિક સંજોગોમાં મૂલ્યવર્ધિત ગ્રાહકોએ સતત વીજ પુરવઠો મળતો રહે અને જયાં પણ વીજ વિતરણની કામગીરીમાં વિક્ષેપ આવે ત્યાં ઝડપથી કામગીરી પૂર્ણ કરી પુન: વીજ વિતરણ શરૂ કરી ગ્રાહકોને અપેક્ષિત ધોરણે વીજ પુરવઠો પૂરો પાડવાનો પ્રયાસ કરવામાં આવે છે.

અગાઉ કચ્છનો ભૂકંપ, કંડલાનું વાવાઝોડું, સુરતનું પૂર, હોય વગેરે સંજોગોમાં યુદ્ધના ધોરણે વીજ પુરવઠો પુન: સ્થાપિત કરવાની કામગીરી અનુભવ દ્વારા આ પ્રકારની કામગીરીમાં તંત્ર ઝડપથી કામગીરી પૂર્ણ કરવામાં અગ્રેસર રહેલ છે. કંપનીના ઉચ્ચ મેનેજમેન્ટે સમગ્ર કામગીરી ઝડપથી પૂર્ણ થવા બદલ સંતોષની લાગણી વ્યકત કરી હતી.■



કર્મચારી મિત્રો,

'યુજીવીસીએલ ન્યુઝ' આપણી કંપનીના સૌ કર્મચારીઓનું અને કર્મચારીઓ માટેનું માહિતીનું આદાન પ્રદાન કરવા માટેનું ઉત્તમ માધ્યમ છે.

આપ સૌને તેમાં મુક્તમને કંપની પ્રત્યેના હકારાત્મક વિચારો તથા સૂચનો પાઠવવા માટે આહવાન કરવામાં આવે છે.

આપના લેખો, વિચારો, કાવ્યો, પરિવારજનોની સિદ્ધિઓ, મહત્વના પ્રસંગોની માહિતી વગેરે મેનેજર (કોર્પોરેટ કોમ્યુનિકેશન) ઉત્તર ગુજરાત વીજ કંપની લી., રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ, મહેસાણા ખાતે મોકલવા વિનંતી.

આપ આ સરનામે ઈમેઇલ પણ કરી શકો છો:

managercc@ugvcl.com
apro@ugvcl.in

અને હા, વધુમાં જણાવવાનું કે 'યુજીવીસીએલ ન્યુઝ' હવે કંપનીની વેબસાઇટ ઉપર પણ મુકવામાં આવેલ છે!

તંત્રી, યુજીવીસીએલ ન્યુઝ

# ખેડૂતલક્ષી અભિગમ માટેનો વધુ એક પ્રયાસ...

## ડીસામાં કૃષિ મેળા દ્વારા ખેડૂતોને ખેતી વિષયક માર્ગદર્શન

તા. ૧૫ થી ૧૮ માર્ચ, ૨૦૦૮ દરમિયાન કૃષિ યુનિવર્સિટી દાંતીવાડા અને સહકાર વિભાગ, કેન્દ્ર સરકારના ઉપક્રમે ડીસામાં કૃષિ મેળો યોજાયો હતો.

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ મહેસાણાના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એચ. એસ. પટેલ, ખાસ ફરજ પરના અધિકારી શ્રી પી. આર. ચૌધરી, મુખ્ય ઈજનેર શ્રી એમ. જી. પટેલના સીધા માર્ગદર્શન હેઠળ આ કંપનીને ફાળવવામાં આવેલ સ્ટોલ દ્વારા વીજ વિષયક જોડાણો ધરાવતા ખેડૂતોનો ખાસ માર્ગદર્શન મળી રહે તે માટે આસિ. મેનેજર (એગ્રો) શ્રી ધવલ પટેલ, વર્તુળ કચેરી પાલનપુર, તથા શ્રી નીતીન પટેલ, વર્તુળ કચેરી હિંમતનગરે સમગ્ર મેળા દરમિયાન હાજરી આપેલ.

કૃષિ મેળામાં બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, ગાંધીનગર, અમદાવાદ, ખેડા, પંચમહાલ, સૌરાષ્ટ્ર, કચ્છના ખેડૂતોએ વિશાળ સંખ્યામાં હાજરી આપી માહિતી મેળવી હતી.

ખેતી ક્ષેત્રે તથા ઘર વપરાશમાં વીજળીનો બચાવ કેવી રીતે થાય તે અંગેની માહિતી આ કંપનીના ખેતીવાડી અધિકારીશ્રીઓ દ્વારા પુરી પાડવામાં આવેલ. ખેડૂતોને નવી ટેકનોલોજીથી થતા ફાયદા જેવા કે, ખેતીમાં ડ્રીપ અને ફુવારા પદ્ધતિના ઉપયોગથી પાણી અને વીજળીનો બચાવ અને ખર્ચમાં ઘટાડો થવાથી ખેત પેદાશમાં થતા નફા અંગે વિસ્તારથી માહિતી આપવામાં આવેલ. ખેડૂતો દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોનાં સચોટ જવાબ આપવામાં આવેલ.

ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા ઊભા કરવામાં આવેલ સ્ટોલને ખેડૂતોએ ખૂબ જ પ્રોત્સાહક પ્રતિસાદ આપ્યો હતો. કંપનીના ગ્રાહકલક્ષી અભિગમ અંગે સંતોષની લાગણી વ્યક્ત કરવામાં આવેલ. વીજ બચત, સલામતીના સૂચનો, ખેતીવાડી અંગે માહિતી આપતી પત્રિકાઓ વહેંચવામાં આવી હતી.

એ સાથે, સ્ટોલ ઉપર ``અંધકારથી ઉજાસ તરફ"ની સીડી કે જેમાં વીજ બચત, વીજ વપરાશ તથા જ્યતિગ્રામ યોજનાની વિગતનો સમાવેશ કરવામાં આવેલ છે તેનું નિદર્શન પણ કરવામાં આવ્યું હતું.■




### કૃષિ મેળામાં યુજીવીસીએલના સ્ટોલ વિશે ખેડૂતોએ કહ્યું કે...

''આ સ્ટોલ રાખવાથી ખેડૂતોને સાચુ માર્ગદર્શન મળે છે અને આવા સ્ટોલ દરેક કૃષિ મેળાવામાં રાખવા જોઈએ અથવા દરેક સીટી સેન્ટરમાં પણ મુકવા જોઈએ.''

**રાજેન્દ્ર કુમાર ઈશ્વરલાલ માળી, ગામ : ડીસા**

''ઉત્તર ગુજરાત વીજ કંપની લી.નો જે સ્ટોલ રાખ્યો તે અમને ખૂબ ગમ્યો અને અમને જે માહિતી આપી તે બદલ આભાર.''

**આંજણા પ્રભુભાઈ રૂપાભાઈ, ગામ : ચાંગડા, તા. થરાદ**

''આ સ્ટોલમાંથી અમને વીજળીની બચત કેવી રીતે કરવી તેની જાણકારી મળી એ બદલ અમે ખુશ છીએ.''

**પટેલ ભેમાભાઈ ગનાભાઈ, ગામ : થાવર, તા. ધાનેરા**

''આ સ્ટોલમાંથી આપવામાં આવેલ માહિતીથી આજના યુગમાં ટપક ફુવારા પદ્ધતીથી ખૂબ જ ફાયદો થયેલ છે. હું પાંચ કનેકશન ૬૫ હોર્સ પારવનો ઉપયોગ કરવા છતાં ૪૦ એકર જમીનમાં પુરતુ વાવેતર પાકતુ ન હતું. હાલ ૪૦ હોર્સ પાવર વાપરી અને ૪૦ એકરમાં પીયત કરી ડબલ ઉપજ મેળવીએ છીએ.''

**માળી નાગજીભાઈ દાનાજી, ગામ : દાંતીવાડા**

''આ સ્ટોલમાંથી અમને ઘર વપરાશમાં વીજળીનો વ્યય અટકાવવા માટેની માહિતી આપવામાં આવી તે બદલ આભાર...''

**સુબાભાઈ કાળાભાઈ રાજપૂત, ગામ : ચીભડા, તા.દીયોદર**

# Pay Commission and Its Role

### What is pay Commission? And Scope of Commission

A Pay Commission is a panel set-up by the Union Cabinet to examine various aspects of the compensation package for Central Government employees.

So far six Central Pay Commissions have been set-up at intervals of 10 to 13 years. The first pay commission was constituted in 1946, second in 195], third in 1970, fourth in 1983, fifth in 1994 and sixth in 2006.

Pay- Commissions have examined various issues such as pay and allowances, retirement benefits, condition of service, promotion policies and submitted recommendations on these to the Government.

Pay-Commissions are successors of the Royal Commissions set up during the British regime. Even before the first pay commission, Government servants in India had already witnessed the Atchison Commission (1886-8]) and Islington Commission (1912-15).

Most countries no longer have such commissions setting pay-scales. Instead, they have switched to negotiated pay settlement, which are decentralized to the local level.

**Pay Commissions in India**

So far six Central Pay Commissions have been set-up at intervals of 10 to 13 years:

| | |
|---|---|
| 1st Commission | in 1946 |
| 2nd Commission | in 1957 |
| 3rd Commission | in 1970 |
| 4th Commission | in 1983 |
| 5th Commission | in 1994 |
| 6th Commission | in 2006 |

### What are the factors Pay-Commission look at

A lot of factors are considered before determining salaries of Government employees. The status of the economy is certainly an important consideration. If there is an economic slow down, chances of big pay hikes are slim.




**90% of the revenue of the most State Government goes towards paying salaries.**

Apart from the over-all status of the economy, the rate of inflation, growth rate per capita income and the change living standard, because of the change in salaries of private sector enterprises and PSUs are also taken into consideration.

### What is the general method of fixing salaries?

While fixing the salaries, a pay commission first determines the cardinal points of the salary structure of Central Government employees- the minimum pay of the lowest functionary and the highest paid to the Secretary to the Government of India.

For fixing the minimum level, the commission considers general norms like minimum food requirement of 2,700 calories per adult, clothing requirement of 72 yards per annum per family and so on. Apart from these criteria, children's education, recreation and provision for old age are also taken into consideration.

Pay commission is also determining the minimum wages and maximum wages. Maximum wage is Important because it determines the kind of people who join government services. Apart from giving good salary to its top officials Government also has to consider the disparity ratio between its highest & lowest paid employees.

For instance, in 1948, the post-tax Salary of the highest paid Government employee was Rs.2,263/- which was 41 times higher than the Rs.551- paid for the lowest earning employee. There-after, the ratio was reduced to about 1:16 in 1996.

### Why the pay Commission elicit a hue & Cry?

The pay commission often faces ire from State Government & economist due to the damage caused to the finances of Central & State Governments.

The recommendations of Second pay commission was about Rs.39 Crore, whereas the burden of third, fourth and fifth pay commission was estimated to Rs.144 Crore, Rs.1282 Crore and Rs.17000 Crore respectively/The sixth pay commission could add Rs.20,000 to the Central Government wages bill. Once the salaries of central government staff is hiked, it leads to pressure on the states to follow suit. Almost 90% of the revenue of the most State Government goes towards paying salaries.



**B. N. Dave**
Asst. Personnel Officer
R&C Office,
Mehsana

## શામળાજીમાં યોજાઈ

# ઈન્ટરકંપની વૉલિબોલ ટુર્નામેન્ટ

તા. ૭ અને ૮ જૂન દરમિયાન શામળાજી ખાતે યોજાયેલી ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડની તૃતીય ઈન્ટર કંપની વૉલિબોલ ટુર્નામેન્ટમાં દક્ષિણ ગુજરાત વીજ કંપની ચેમ્પિયન અને ઉત્તર ગુજરાત વીજ કંપની રનરઅપ થઈ હતી.

હિંમતનગર વર્તુળ કચેરી દ્વારા શામળાજીના આર્ય જ્યોતિ વિદ્યાલયના ગ્રાઉન્ડ ખાતે યોજાએલ આ ટુર્નામેન્ટમાં ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીસીટી લી., પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ તથા મધ્ય ગુજરાત વીજ કંપનીની ટીમે પણ ભાગ લીધો હતો. આ ટીમોના કુલ ૮૦ ખેલાડીઓએ સમગ્ર ગુજરાતમાંથી ભાગ લીધેલ.

ઈન્ટર કંપની વૉલિબોલ ટુર્નામેન્ટના ઉદ્દઘાટન સમારંભમાં કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી એ. કે. વર્મા, મુખ્ય ઇજનેર શ્રી એમ. જી. પટેલ, શ્રી પી. જે. પટેલ, મુ. કા. અ. અને અ.ઈ. શ્રી આર. જી. એન્જિનીયર, આર્ય જ્યોતિ વિદ્યાલય ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી કલજીભાઈ કટારા, ઔદ્યોગિક સબંધિત અધિકારી અને સ્પોર્ટસ સેક્રેટરી શ્રી એસ. વાય. ડામોર હાજરી આપી ખેલાડીઓને પ્રોત્સાહન આપ્યું હતું.

શ્રી આર. જી. એન્જિનીયરે પધારેલ મહાનુભાવોનું સ્વાગત કર્યું હતું. કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એ. કે. વર્માએ તેમના ઉદ્દબોધનમાં કહ્યું હતું કે રમત ગમત દ્વારા કર્મચારીઓની એક આગવી ઓળખ ઊભી થાય છે. તેમણે કંપનીની કામગીરીમાં પણ 'સ્પોર્ટસમેન સ્પિરિટ' જાળવવા તમામ ખેલાડીઓને અનુરોધ કર્યો હતો.

સમાપન સમારંભમાં શ્રી એમ. જી. પટેલ, મુખ્ય ઇજનેર, તથા શ્રી એચ. કે. આદેશરા કાર્યપાલક ઇજનેર, મોડાસાએ હાજરી આપેલ. ચેમ્પિયન તથા રનર્સઅપ ટીમના ખેલાડીઓને શીલ્ડ, ટ્રોફી, ટીશર્ટ તથા પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવેલ. ■




**ચેમ્પિયન બનેલી દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડના ખેલાડીઓ**

| નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|
| શ્રી નિલેશ પટેલ | જૂનિયર આસિસ્ટન્ટ | વલસાડ સર્કલ |
| શ્રી સોરેન્સ પરમાર | જૂનિયર આસિસ્ટન્ટ | સુરત સર્કલ |
| શ્રી રાહુલ વસાવા | જૂનિયર આસિસ્ટન્ટ | સુરત સર્કલ |
| શ્રી એ જી. ટંડેલ | હેલ્પર | વલસાડ સર્કલ |
| શ્રી ગીરીશ બારોટ | જૂનિયર આસિસ્ટન્ટ | ભરૂચ સર્કલ |
| શ્રી સુભાષ ટંડેલ | જૂનિયર આસિસ્ટન્ટ | વલસાડ સર્કલ |
| શ્રી આર. બી.ગામીત | જૂનિયર આસિસ્ટન્ટ | સુરત સર્કલ |
| શ્રી કે. ડી. પટેલ | હેલ્પર | વલસાડ સર્કલ |
| શ્રી એસ. પી. પવાર | હેલ્પર | સુરત સર્કલ |
| શ્રી ગીરીશ ચાવડા | હેલ્પર | સુરત સર્કલ |
| શ્રી નરેન્દ્ર સજાનીય | મીટર ટેસ્ટર | સુરત સર્કલ |
| શ્રી નરેન્દ્ર સીરસદ | હેલ્પર | સુરત સર્કલ |

**રનર્સ અપ થયેલ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના ખેલાડીઓ**

| નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|
| શ્રી એચ. આર. નિનામા | હેલ્પર | લોદ્રા સબ ડિવિઝન |
| શ્રી કે. જે. કલાસવા | હેલ્પર | મહેસાણા સીટી સબ ડિવિઝન |
| શ્રી વી. એચ. અસારી | આસિસ્ટન્ટ સેક્રેટરી | હિંમતનગર સર્કલ |
| શ્રી એલ. ડી. પટેલ | સિનિયર આસિસ્ટન્ટ | હિંમતનગર સર્કલ |
| શ્રી એલ. જે. ગામેતી | હેલ્પર | માણસા સબ ડિવિઝન |
| શ્રી બી. જી. તરાલ | હેલ્પર | સતલાસણા સબ ડિવિઝન |
| શ્રી ડી. જે. ફેરા | હેલ્પર | લખાણી સબ ડિવિઝન |
| શ્રી એસ. વાય. ડામોર | આઈ. આર. ઓ | આર એન્ડ સી ઑફિસ |
| શ્રી એ. કે. વરસાત | હેલ્પર | ટીંટોઈ સબ ડિવિઝન |
| શ્રી એ. એસ.અસોડા | લાઈનમેન | હિંમતનગર (ટાઉન) |
| શ્રી એ. કે. ડામોર | જૂનિયર આસિસ્ટન્ટ | ભીલોડા-૧ |
| શ્રી એસ.ડી.ફણેજા | સિનિયર આસિસ્ટન્ટ | આર.એસ.ઓ, હિંમતનગર |

# ઈન્ટર સર્કલ વૉલિબોલ ટુર્નામેન્ટમાં મહેસાણા વિજયી

હિંમતનગર વર્તુળ કચેરીના યજમાન પદે સાબરકાંઠા જીલ્લાના વિજયનગર તાલુકાના આભાપુર ખાતે લોકભારત આશ્રમશાળા ખાતે કુદરતી મનોરમ્ય વાતાવરણમાં ઈન્ટર સર્કલ વૉલિબોલ ટુર્નામેન્ટનું આયોજન થયું હતું, જેમાં રસાકસીભરી રમતને અંતે ફાઈનલ સ્પર્ધા હિંમતનગર સર્કલ અને મહેસાણા સર્કલ વચ્ચે થઈ હતી અને મહેસાણા સર્કલની ટીમ ચેમ્પિયન બની હતી.

**વિજેતા મહેસાણા ટીમના ખેલાડીઓ**

| નામ | હોદ્દો | સ્થળ |
|---|---|---|
| શ્રી કે. જે. કલાસાવા | હેલ્પર | મહેસાણા સીટી સબ ડિવિઝન |
| શ્રી એસ. વાય. ડામોર | આઈ.આર.ઓ. | રજી.ઑફિસ, મહેસાણા |
| શ્રી એચ. આર. નિનામા | હેલ્પર | લોદ્રા સબ ડિવિઝન |
| શ્રી આઈ. જે. ગામેતી | હેલ્પર | માણસા સબ ડિવિઝન |
| શ્રી બી. જી. તરાલ | હેલ્પર | સતલાસણા સબ ડિવિઝન |
| શ્રી એ. એચ. પટેલ | જૂની.આસિ. | હારીજ સબ ડિવિઝન |
| શ્રી ડી. કે. ચૌહાણ | હેલ્પર | મહેસાણા સીટી સબ ડિવિઝન |
| શ્રી એચ. સી. પઢીયાર | હેલ્પર | મહેસાણા ઈન્ડ. સબ ડિવિઝન |
| શ્રી વી. એ. ભટ્ટ | જૂની.આસિ. | કડી સબ ડિવિઝન – ૧ |


ટુર્નામેન્ટમાં પાલનપુર સર્કલની ટીમે પણ ભાગ લીધો હતો. ટુર્નામેન્ટના ઉદ્દઘાટન તથા સમાપન સમારંભના મુખ્ય મહેમાન તરીકે શ્રી એમ. જી. પટેલ મુખ્ય ઈજનેરે હાજરી આપી દીપ પ્રાગટય કરેલ. જયારે અન્ય મહેમાનોમાં શ્રી ડી. એમ. તિવારી ઈન્ચાર્જ વિશેષ મહાપ્રબંધક, શ્રી એસ. વાય. ડામોર સ્પોર્ટસ સેક્રેટરી તથા ઔદ્યોગિક સબંધિત અધિકારી, શ્રી એસ. એલ. પટેલ, આસિ. પર્સોનલ ઑફિસર, લોકભારત આશ્રમશાળાના ટ્રસ્ટીઓ તથા કર્મચારીઓએ વિશાળ સંખ્યામાં હાજરી આપેલ. શ્રી એમ. જી. પટેલે ખેલાડીઓને સ્પોર્ટસમેન સ્પીરીટથી રમવા અનુરોધ કર્યો હતો. ટુર્નામેન્ટના ચીફ રેફરી તરીકે શ્રી દિલીપભાઈ ડામોરે ફરજ બજાવી હતી. હિંમતનગર વર્તુળના આસિ. સેક્રેટરી શ્રી વી. એચ. અસારી, શ્રી આર. ડી. ઝાલા તથા અન્યોએ ટુર્નામેન્ટનું સુંદર આયોજન કરેલ. નાયબ ઈજનેર શ્રી ધોરાજીયા નાયબ ઈજનેરે આભારવિધિ કરી હતી તથા આસિ. મેનેજર (પી. આર.) શ્રી શૈલેષ નાયકે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. ■

## રાષ્ટ્રીય કક્ષાની ટુર્નામેન્ટના આપણા ખેલાડીઓ

ઈન્ટરકંપની ટુર્નામેન્ટ પછી ઓલ ઈન્ડિયા ઈલેકટ્રીસીટી સ્પોર્ટ કન્ટ્રોલ બોર્ડ માટેની ટુર્નામેન્ટ માટે ચીફ રેફરી શ્રી દીલીપભાઈ ડામોરે નીચે મુજબના ખેલાડીઓની પસંદગી કરી હતી.

| નામ | હોદ્દો | કામનું સ્થળ | કંપનીનું નામ |
|---|---|---|---|
| શ્રી એસ. સી. પરમાર | જૂનિ. આસિ. | સુરત સર્કલ | ડી.જી.વી.સી.એલ. |
| શ્રી એન. એસ. પટેલ | જૂનિ. આસિ. | વલસાડ સર્કલ | ડી.જી.વી.સી.એલ. |
| શ્રી આર. એમ. વસાવા | જૂનિ. આસિ. | સુરત સર્કલ | ડી.જી.વી.સી.એલ. |
| શ્રી એસ. પી. પવાર | જૂનિ. આસિ. | સુરત સર્કલ | ડી.જી.વી.સી.એલ. |
| શ્રી સી. એન. પેન્ડોર | કા. ઈજનેર | કોર્પોરેટ ઑફિસ, વડોદરા | એમ.જી.વી.સી.એલ. |
| શ્રી કે. કે. ઝણકાર | સિનિ. આસિ. | કોડીનાર સબ ડિવિઝન, અમરેલી | પી.જી.વી.સી.એલ. |
| શ્રી કે. જે. કલાસવા | હેલ્પર | મહેસાણા સીટી સબ ડિવિઝન | યુ.જી.વી.સી.એલ. |
| શ્રી એચ. આર. નિનામા | હેલ્પર | લોદ્રા સબ ડિવિઝન | યુ.જી.વી.સી.એલ. |
| શ્રી ડી. જે. ફેરા | હેલ્પર | લાખાણી સબ ડિવિઝન | યુ.જી.વી.સી.એલ. |
| શ્રી આઈ. જી. ગામેતી | હેલ્પર | માણસા સબ ડિવિઝન | યુ.જી.વી.સી.એલ. |
| શ્રી વી. એચ. અસારી | એ.એસ. | હિંમતનગર સર્કલ ઑફિસ | યુ.જી.વી.સી.એલ. |
| શ્રી વી. એસ. તબીયાડ | હેલ્પર | ટીઆરડી વિઝન ખેરાલું, પાલનપુર | જેટકો |
| **સેંટેન્ડ બાય પ્લેયર.** | | | |
| શ્રી બી. જી. તરાલ | હેલ્પર | સતલાસણા સબ ડિવિઝન | યુ.જી.વી.સી.એલ. |
| શ્રી જી. એમ. બારોટ | | ભરૂચ સર્કલ | ડી.જી.વી.સી.એલ. |
| શ્રી યુ. એ. મલેક | | વણાકબોરી ટી.પી.એસ | જીસેક |

**વિવિધ સ્પર્ધાઓમાં ઉત્સાહભેર ભાગ લેવો અને ખેલદિલીપૂર્વક રમી, સાચો સ્પોર્ટ્સમેન સ્પિરિટ બતાવીને સ્પર્ધા જીતવા મથવું... આ બધાની અસર માત્ર એ સ્પર્ધા પૂરતી સીમિત નથી રહેતી. સ્પર્ધામાં ભાગ લેવાથી આપણા દૈનિક કાર્યોમાં પણ સ્વશક્તિનો પૂરો ઉપયોગ કરવાની અને અડગ આત્મવિશ્વાસ કેળવવાની અનેરી શીખ મળે છે!**



## મનજાગૃતિ મહિલા મંડળ દ્વારા 'આર્ટ ઓફ લિવિંગ'ના કાર્યક્રમનું આયોજન


'આર્ટ ઓફ લિવિંગ'ના અભ્યાસમાં રત બહેનો

આપણું મન એટલું વધુ પ્રફૂલ્લિત એટલું કામ વધુ અસરકારક. જીવનના આ સાદા નિયમને સુંદર રીતે અનુસરી રહ્યાં છે આપણી કંપનીનાં કર્મચારી બહેનો.

તારીખ ૨૫-૦૪-૨૦૦૮ના રોજ કંપનીની રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ ખાતે કંપનીનાં મહિલા કર્મચારીઓ દ્વારા સંચાલિત 'મન જાગૃતિ મહિલા મંડળ' તરફથી 'આર્ટ ઓફ લિવિંગ'કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિશાળ સંખ્યામાં બહેનોએ હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. શ્રી સુરેશભાઈ મિસ્ત્રીએ બેઝિક કોર્સના ટીચર તરીકે આ કાર્યક્રમમાં હાજરી આપી વિવિધ પ્રકારના ધ્યાન યોગ વીશે સમજ આપેલ. સમારંભ દરમિયાન ખાસ પ્રોત્સાહન આપવા કંપનીના ઇન્ચાર્જ વિશેષ મહાપ્રબંધક શ્રી ડી. એમ. તિવારી તથા શ્રી આર.એચ.પટેલ નાયબ મહાપ્રબંધકે હાજરી આપેલ. ■

### પાલનપુરમાં ઉત્સાહભેર યોજાઈ

## ઈન્ટર સર્કલ ટેબલટેનિસ ટુર્નામેન્ટ



કર્મચારીઓમાં રમતગમતની પ્રવૃત્તિને પ્રોત્સાહનને આપણી કંપનીમાં ખાસ મહત્ત્વ આપવામાં આવે છે. હમણાં સ્પોર્ટ્સ એકેડમી વિદ્યામંદિર સંકુલ, પાલનપુર ખાતે તા. ૪-૫-૨૦૦૮ના રોજ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, પાલનપુર વર્તુળ કચેરીના યજમાન પદે ઇન્ટર સર્કલ ટેબલટેનિસ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું.

ટુર્નામેન્ટમાં સાબરમતી વર્તુળ કેચરીના જૂનિયર આસિસ્ટન્ટ (ટાઈપીસ્ટ ) શ્રી એચ. આર. દવે સિંગલ્સ ચેમ્પિયન બન્યા હતા. હારીજ સબ ડિવિઝનના નાયબ ઇજનેર શ્રી કમલ સિંધી રનરઅપ થયા હતા.

ડબલ્સ ટુર્નામેન્ટમાં શ્રી કમલ સિંધી તથા શ્રી પી. પી. પ્રજાપતિ, હેલ્પર, ઈન્ડસ્ટ્રીયલ સબ ડિવિઝન, મહેસાણા ચેમ્પિયન થયા. જ્યારે શ્રી ડી. એફ. વાઘેલા અને શ્રી આર. એમ. પરમાર, ગેસ્ટ હાઉસ એટેન્ડન્ટ, સાબરમતી રનરઅપ થયા હતા.

ટુર્નામેન્ટમાં ઉદ્દઘાટન તથા ઈનામ વિતરણ પ્રસંગે શ્રી એસ. વાય. ડામોર, શ્રી આર. ડી. પટેલ, કાર્યપાલક ઇજનેર, પાલનપુર વિભાગીય કચેરી તથા શ્રી એલ. એ. ગઢવી, નાયબ ઇજનેર, પાલનપુર સીટી સબ ડિવિઝને હાજરી આપી હતી.

રેફરી તરીકે શ્રી મુકુંદભાઈ પઢિયાર અને ઇદ્રીશભાઈ એ. પુવારે સેવા આપી હતી. પાલનપુર વર્તુળ કચેરીના સભ્યોએ ટુર્નામેન્ટને સફળ બનાવવા માટે ખાસ જહેમત ઉઠાવી હતી. ■

## સાબરમતીમાં કેરમ ટુર્નામેન્ટ યોજાઈ

સાબરમતી વર્તુળ કચેરી ખાતે, તા. ૧૮-૫-૨૦૦૮ના રોજ યોજાયેલી ઇન્ટર સર્કલ કેરમ ટુર્નામેન્ટમાં અત્યંત રસાકસીભરી રમતના અંતે સાબરમતી વર્તુળ કચેરીના જૂનિયર આસિસ્ટન્ટ (ટાઈપીસ્ટ) શ્રી એચ. આર. દવે સિંગલ્સ ચેમ્પિયન અને પાલનપુર સબ ડિવિઝનના જૂનિયર આસિસ્ટન્ટ શ્રી જી. એસ. વોરા રનરઅપ થયા. ડબલ્સમાં શ્રી એમ. એમ. સૈયદ, સિનિ. આસિ. દાંતીવાડા અને શ્રી જી. એસ. વોરા ચેમ્પિયન અને શ્રી એચ. આર. દવે તથા સાબરમતી સર્કલના શ્રી ડી. એફ. વાઘેલા રનરઅપ થયા.

ટુર્નામેન્ટના ઉદ્દઘાટન તથા સમાપન સમારંભમાં શ્રી જી. પી. જોશી, વિશેષ મુખ્ય ઇજનેર, શ્રી ડી. એમ. તિવારી, વિશેષ મહાપ્રબંધક તથા શ્રી એસ. વાય. ડામોર ઔદ્યોગિક સંબંધક અધિકારીએ હાજરી આપી. સાબરમતી વર્તુળ કચેરીના કર્મચારીઓએ સુંદર આયોજન દ્વારા આ ટુર્નામેન્ટને એક યાદગાર પ્રસંગ સમી બનાવી દીધી હતી. ■

### ૩૪મી ઓલ ઈન્ડિયા ઇલેક્ટ્રીસીટી સ્પોર્ટસ કન્ટ્રોલ બોર્ડની ચેસ ટુર્નામેન્ટમાં

## જીયુવીએનએલની ટીમ સતત બીજા વર્ષે તૃતીય ક્રમે વિજેતા



તારીખ ૨૬થી ૨૯ જૂન ૨૦૦૮ દરમિયાન હરિયાણા, હિસાર ખાતે દક્ષિણ હરિયાણા બીજલી વિતરણ નિગમ લિમિટેડ દ્વારા યોજાયેલ ૩૪મી ઓલ ઈન્ડિયા ઇલેક્ટ્રીસીટી સ્પોર્ટસ કન્ટ્રોલ બોર્ડની બાસ્કેટબોલ, ચેસ અને કેરમ ટુર્નામેન્ટમાં ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા ઇન્ટરકંપની ચેસ ટુર્નામેન્ટમાં પસંદગી પામેલ ટીમ સતત બીજા વર્ષે તૃતીયક્રમે વિજેતા થયેલ છે.

ભારતભરમાંથી જુદા જુદા રાજ્યોની કુલ ૧૯ ઇલેક્ટ્રીસીટી કંપનીની ટીમોએ આ ટુર્નામેન્ટમાં લીધેલ. અત્યંત રસાકસીવાળી રમતોને અંતે પંજાબ, હિમાચલપ્રદેશ, મધ્યપ્રદેશ, એપીજેનકો, રીલાયન્સ અનર્જીની ટીમો સાથે રમીને આપણી ટીમ મજબૂત પોગ્રેસીવ સાથે ૧૪ પોઇન્ટથી તૃતીય ક્રમે વિજેતા બની. આ ટુર્નામેન્ટમાં ઊર્જા વિકાસ નિગમની વિવધ કંપનીના નીચે મુજબના ખેલાડીઓએ ભાગ લીધેલ.

૧. શ્રી એસ. એ. નાયક, આસિ. મેનેજર (પી.આર), યુજીવીસીએલ, મહેસાણા.

૨. શ્રી કે. આર. લાડ, પી.ઓ-૧, જીસેક, ઉકાઇ.

૩. શ્રી કે. વી. હાલાણી, નાયબ ઈજનેર, અંજાર સબ ડિવિઝન, પીજીવીસીએલ.

૪. શ્રી જી. કે. ચોટાઈ, સિનિયર આસિસ્ટન્ટ, પીજીવીસીએલ, પોરબંદર.

મેનેજર તરીકે શ્રી હસમુખભાઈ પરમાર, જીયુવીએનએલે ફરજ બજાવી હતી.

અગાઉ પણ ગુજરાત વિદ્યુત બોર્ડના સમયમાં ઓલ ઇન્ડિયા ઇલેક્ટ્રીસીટી સ્પોર્ટસ કન્ટ્રોલ બોર્ડની ટુર્નામેન્ટ દરમિયાન ગુજરાતે પ્રભાવશાળી દેખાવ કરેલ છે.

| આયોજક | સ્થળ | વર્ષ | વિજેતા ક્રમ |
|---|---|---|---|
| બોમ્બે સબ અર્બન | દહાણુ | ૧૯૯૫-૯૬ | દ્વિતિય |
| મહારાષ્ટ્ર ઈલે. બોર્ડ | ઔરંગાબાદ | ૧૯૯૭-૯૯ | ચેમ્પિયન |
| ગુજરાત વિદ્યુત બોર્ડ | ગાંધીનગર | ૧૯૯૯-૨૦૦૦ | તૃતીય |
| એ.પી.જેનકો | વિજયવાડા | ૨૦૦૬-૨૦૦૭ | તૃતીય |

ખેલદીલીભરી આ ટુર્નામેન્ટમાં પોરબંદર ખાતે પીજીવીસીએલ સબ ડિવિઝનમાં ફરજ બજાવતાં શ્રી જી. કે. ચોટાઈ ત્રીજા નંબરના ટેબલ પર અપરાજિત રહીને પાંચ પોઇન્ટ સાથે બોર્ડ પ્રાઇઝ મેળવી સમગ્ર ટુર્નામેન્ટમાં સતત બીજા વર્ષે શ્રેષ્ઠ ખેલાડી પુરવાર થયેલ છે. ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ તથા સંલગ્ન કંપનીના ઉચ્ચ અધિકાઓએ વિજેતા ખેલાડીઓને ખાસ અભનંદન પાઠવેલ.

આ પહેલાં, સાબરમતી ખાતે તારીખ ૨૪ અને ૨૫ મે ૨૦૦૮ ના રોજ ટ્રેઈનીંગ સેન્ટર ખાતે યોજાએલ ઉત્તર ગુજરાત વીજ કંપનીની ઈન્ટર સર્કલ ચેસ ટુર્નામેન્ટમાં મહેસાણા ખાતે રજિસ્ટર્ડ ઑફિસમાં કોર્પોરેટ કોમ્યુનિકેશન સેલમાં ફરજ બજાવતા શ્રી એસ. એ. નાયક આસિ. મેનેજર (પી. આર) ચેમ્પિયન બન્યા. જયારે જગુદણ પેટા વિભાગીય કચેરી ખાતે ફરજ બજાવતા શ્રી એચ. આર. નાયક લાઈન હેલ્પર રનરઅપ થયા હતા. ૧૩થી ૧૫ જૂન ૨૦૦૮, દરમિયાન ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિ. વડોદરા ખાતે આયોજિત ઈન્ટર કંપની ચેસ ટુર્નામેન્ટમાં ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડનું આ ખેલાડીઓ પ્રતિનિધિત્વ કર્યું હતું

શ્રી એસ. એ. નાયક, આસિ. મેનેજર (પી. આર), મહેસાણા, આર. ઓ.

શ્રી એચ. આર. નાયક, હેલ્પર , જગુદન પેટા વિભાગીય કચેરી.

શ્રી એચ. એમ. પટેલ, જૂની. આસિ. પાટણ વિભાગીય કચેરી.

શ્રી એચ. સી. ઠાકર, જૂની. આસિ. સિધ્ધપુર, સીટી સબ ડિવિઝન. ■

## ઈન્ટર સર્કલ બેડમિન્ટન ટુર્નામેન્ટ યોજાઈ

હિંમતનગર ખાતે તા.૫-૬-૨૦૦૮ના રોજ એસ.ટી. બેડમિન્ટન હોલ, મોતીપુર ખાતે યોજાયેલ ઉત્તર ગુજરાત વીજ કંપનીની ઈન્ટરસર્કલ બેડમિન્ટન ટૂર્નામેન્ટમાં અત્યંત રસાકસીભરી રમતને અંતે હારીજ સબ ડિવિઝન ખાતે ફરજ બજાવતા શ્રી કમલ સીંઘી, નાયબ ઈજનેર, સીંગલ્સ ચેમ્પિયન બનેલ છે. જ્યારે ઈડર પેટા વિભાગીય કચેરી ખાતે ફરજ બજાવતા શ્રી આર. એમ. મહેતા, જૂનિ. આસિ. (એમ.આર.) રનરઅપ થયા.

ડબલ્સ ટુર્નામેન્ટમાં શ્રી કમલ સીંઘી, તથા શ્રી પી. પી. પ્રજાપતિ, હેલ્પર, ઈન્ડસ્ટ્રીયલ સબ ડિવિઝન, મહેસાણા ચેમ્પિયન અને શ્રી એચ. આર. દવે, જૂનિ. આસિ., સાબરમતી અને શ્રી ડી. એફ. વાઘેલા જૂનિ. આસિ. સાબરમતી રનર્સઅપ થયેલ છે.

૨૫થી ૨૭ જુલાઈના રોજ ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન, અંજાર સર્કલના યજમાનપદે ગાંધીધામ ખાતે યોજનાર ઈન્ટરકંપની બેડમિન્ટન ટુર્નામિટમાં ઉત્તર ગુજરાત વીજ કંપનીનું આ ખેલાડીઓ પ્રતિનિધિત્વ કરશેઃ

૧. શ્રી કમલ એસ. સીંઘી
નાયબ ઈજનેર, હારીજ સબ ડિવિઝન

૨. શ્રી આર. એમ. મહેતા
જૂનિ. આસિ. ઈડર (ગ્રામ્ય)

૩. શ્રી પી. પી. પ્રજાપતિ
હેલ્પર ઈન્ડ. સબ ડિવિઝન, મહેસાણા

૪. શ્રી જે. જી. શાહ,
જૂનિ. ઈજનેર , વ.કચેરી, હિંમતનગર.

૫. શ્રી આર. સી. દેસાઈ,
ના. ઈજનેર, કોર્પો.ઑફિસ, મહેસાણા.

ઈન્ટરસર્કલ ટુર્નામેન્ટના ઉદ્દઘાટન તથા સમાપન સમારંભમાં કાર્યપાલક ઈજનેર શ્રી એમ. આર. પટેલ હિંમતનગર, તથા શ્રીઆર. ડી. ઝાલા, નાયબ ઈજનેર વર્તુળ કચેરીએ હાજરી આપી હતી. ■

# આપણા પરિવારના આ છે તેજસ્વી તારલા !

## ધોરણ-૧૦ (ન્યુ એસ.એસ.સી.)



ઘાઇ અમનદીપસિંહ
૯૧.૪ ટકા
વાલી: શ્રીમતી બી. એમ. ઘાઇ
નાયબ ઇજનેર, સાબરમતી ડિવિઝન



પટેલ ઉત્સવ દિનેશ કુમાર
૯૦.૪૬ ટકા
વાલી: શ્રી દિનેશ કુમાર એન. પટેલ
નાયબ ઇજનેર, બેચરાજી સબડિવિઝન



પટેલ બ્રિજેશકુમાર રમેશભાઈ
૯૦ ટકા
વાલી: શ્રી આર. કે. પટેલ
નાયબ ઇજનેર, ઊંઝા સબ ડિવિઝન



દેસાઇ નિરહા પી.
૮૯.૩૮ ટકા
વાલી: શ્રીમતી ડી. પી. દેસાઇ
જૂનિ. આસિ., ગાંધીનગર ડિવિઝન



પરમાર અભિષેક બલદેવભાઈ
૮૮ ટકા
વાલી: શ્રી બી. એસ. પરમાર
નાયબ ઇજનેર, પાલનપુર સબડિવિઝન



ચૌધરી છાયા રાજસંગભાઈ
૮૬.૯૨ ટકા
વાલી: શ્રી રાજસંગભાઈ માનજી ચૌધરી
જૂનિ. આસિ., પાલનપુર વર્તુળ કચેરી



શાહ કૃતિ પિયુષભાઈ
૮૬.૯૨ ટકા
વાલી: શ્રી પિયુષભાઈ શાહ
નાયબ ઇજનેર, પાલનપુર વર્તુળ કચેરી



શર્મા સ્વપ્નિલ વિષ્ણુભાઈ
૮૫.૮૫ ટકા
વાલી: શ્રી વી. એચ. શર્મા
સિનિ. આસિ., ગાંધીનગર ડિવિઝન



ગાંધી રીમા ચેતનભાઈ
૮૫.૨૩ ટકા
વાલી: શ્રી સી. સી. ગાંધી
નાયબ ઇજનેર, કલોલ ડિવિઝન



લિંબાચીયા વત્સલ રમેશકુમાર
૮૪ ટકા
વાલી: શ્રી આર.એમ.લિંબાચીયા
સિનિ. આસિ., આર.એન્ડ સી મહેસાણા



મોદી હર્ષ વિનોદકુમાર
૮૩.૮૫ ટકા
વાલી: શ્રી વિનોદકુમાર રતીલાલ મોદી
જૂનિયર ક્લાર્ક, ડિસા ડિવિઝન-૨



ચિ. જયમીન
૮૩.૨૩ ટકા
વાલી: આશા એન. ખાલપાડા
નાયબ ઇજનેર, સાબરમતી વર્તુળ કચેરી



શાહ ભૌમિક અશોકભાઈ
૮૨.૧૫ ટકા
વાલીઃ શ્રી એ.એમ.શાહ
કાર્યપાલક ઈજનેર, મહેસાણા વર્તુળ કચેરી




પટેલ પાર્થ ગીરીશચંદ્ર
૮૨.૧૫ ટકા
વાલીઃ શ્રી ગીરીશચંદ્ર ડી. પટેલ
નાયબ ઈજનેર, પાલનપુર ડિવિઝન



વૈશ્નવ પુષ્કરદાસ રામચંદ્ર
૮૧.૮૫ ટકા
વાલીઃ શ્રી આર. બી. વૈશ્નવ
કૂક, સાબરમતી ડિવિઝન



અમીન સ્મિત શૈલેષકુમાર
૮૧.૮ ટકા
વાલીઃ શ્રી એસ. એ. અમીન
હેલ્પર, બારેજા સબડિવિઝન



રાઠોડ ગજેન્દ્રસિંહ મહેન્દ્રસિંહ
૮૧.૬૯ ટકા
વાલીઃ શ્રી મહેન્દ્રસિંહ તેજમલસિંહ રાઠોડ
હેલ્પર, પાલનપુર ડિવિઝન-૧



ચૌહાણ ક્રિશ્ના વિનોદકુમાર
૮૧.૩૮ ટકા
વાલીઃ શ્રી વિનોદકુમાર નરભેરામ ચૌહાણ
જૂનિ. આસિ., પાલનપુર સિટી



લાલચંદાણી રોશન અરુણ
૮૦.૩૧ ટકા
વાલીઃ શ્રી અરૂણ વી. લાલચંદાણી
નાયબ ઈજનેર (એસ.પી.)
આર.એન્ડ સી. મહેસાણા



ગાંધી રીચા ચેતનભાઈ
૮૦.૧૫ ટકા
વાલીઃ શ્રી સી. સી. ગાંધી
નાયબ ઈજનેર, કલોલ ડિવિઝન



રંગવાણી ભૂમિકા રમેશભાઈ
૭૮.૩૧ ટકા
વાલીઃ શ્રી રમેશભાઈ આઈ. રંગવાણી
નાયબ અધિક્ષક (હિસાબ), પાલનપુર વર્તુળ કચેરી



નેહા જહોન
૭૮.૩૧ ટકા
વાલીઃ શ્રીમતી સી. જે. ડીલીના
જૂનિ. આસિ., બોપલ સબડિવિઝન



શાહ અદિત્ય કિરીટકુમાર
૭૭.૮૫ ટકા
વાલીઃ શ્રી શાહ કિરીટકુમાર સોમચંદ
સિનિ. આસિ., બોપલ ડિવિઝન



પટેલ પ્રિયંકકુમાર બીપીનભાઈ
૭૭.૬૯ ટકા
વાલીઃ શ્રી બીપીનભાઈ ભગવાનદાસ પટેલ
ટ્રેસર, પાલનપુર ડિવિઝન-૧



દેસાઈ અંકિતા છગનભાઈ
૭૭.૨૩ ટકા
વાલીઃ શ્રી છગનભાઈ માધાભાઈ દેસાઈ
સિનિ. આસિ., ઝેરણ સબડિવિઝન



લુહાણા અખિલકુમાર નારણભાઈ
૭૬.૯૨ ટકા
વાલીઃ શ્રી નારણભાઈ લુહાણા
જૂનિ. આસિ., ડિસા ડિવિઝન



ગેલાત હર્ષદકુમાર જગમાલભાઈ
૭૬.૯૨ ટકા
વાલીઃ શ્રી જગમાલભાઈ એલ. ગેલાત
સિનિ. આસિ., ધાનેરા-૨ સબડિવિઝન



રાવલ ભાર્ગવ ભોગીલાલ
૭૬.૩૧ ટકા
વાલીઃ શ્રી ભોગીલાલ મફતલાલ રાવલ
નાયબ ઈજનેર, ડિસા ડિવિઝન-૨



પંડ્યા સર્વાંગ રસજ્ઞભાઈ
૭૫.૮૫ ટકા
વાલીઃ શ્રી આર. સી. પંડ્યા
જૂનિ. આસિ., બારેજા સબડિવિઝન



પટેલ પલક મહેન્દ્રભાઈ
૭૫.૫૪ ટકા
વાલીઃ શ્રી મહેન્દ્રભાઈ મગનભાઈ પટેલ



સાંદેરા હીરેનકુમાર પ્રવિણકુમાર
૭૫.૩૮ ટકા
વાલીઃ શ્રી પ્રવિણકુમાર એચ. પરમાર
જૂનિ. આસિ., ભીલડી સબડિવિઝન




પટેલ ચિરાગ અરવિંદભાઈ
૭૩.૩૮ ટકા
વાલીઃ શ્રી એ. પી. પટેલ
ડે. સુપ્રિ., વિસનગર ડિવિઝન



પંચોલી વૈભવી જૈમિનભાઈ
૭૧.૨૩ ટકા
વાલીઃ શ્રી જૈમિનભાઈ પંચોલી
ચીફ ફાઈનાન્સ મેનેજર,
આર.એન્ડ સી મહેસાણા

## ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ



પટેલ હેમંત ભાગવતપ્રસાદ
૮૬.૬ ટકા
વાલીઃ શ્રી બી. એમ. પટેલ
જૂનિ. આસિ, બોપલ ડિવિઝન




પટેલ ધવલ પ્રકાશભાઈ
૮૩ ટકા
વાલીઃ શ્રી પી. એસ. પટેલ
નાયબ ઈજનેર, પાલનપુર વર્તુળ કચેરી



પટેલ સચીન રાકેશભાઈ
૮૨.૮૦ ટકા
વાલીઃ શ્રી રાકેશભાઈ એન. પટેલ
જૂનિ. આસિ.
ગાંધીનગર પેટાવિભાગીય કચેરી



શાહ રાહિલ યોગેશભાઈ
૮૨ ટકા
વાલીઃ શ્રી યોગેશ દિનકરભાઈ શાહ
સિનિ. આસિ., બોપલ ડિવિઝન




પટેલ નિખિલ ભરતભાઈ
૮૧ ટકા
વાલીઃ શ્રી બી. એ. પટેલ
એમ.ટી. ગ્રેડ-૨, ગાંધીનગર



સુથાર પલક જયંતિભાઈ
૮૧ ટકા
વાલીઃ શ્રીમતી પલ્લવીબેન બી. સુથાર
જૂનિ. આસિ., દાંતા સબડિવિઝન



કાપડીયા પ્રિયંકા બળદેવભાઈ
૭૮.૮ ટકા,
વાલીઃ શ્રી બી. સી. કાપડીયા
જૂનિ. આસિ., કલોલ ડિવિઝન



શર્મા પ્રતીક વિજયભાઈ
૭૭.૬ ટકા
વાલીઃ શ્રી એચ. એમ. રાવલ,
જૂનિ. આસિ., કલોલ ડિવિઝન



પટેલ દેવાંગ જશવંતભાઈ
૭૭.૬ ટકા
વાલીઃ શ્રી જે. કે. પટેલ
જૂનિ. આસિ., કલોલ-૨ સબડિવિઝન



વૈદ્ય રોનક હસમુખભાઈ
૭૨.૬૭ ટકા
વાલીઃ શ્રી એચ. ડી. વૈદ્ય
મીટર ઇન્સ્પેક્ટર

## ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ



મેમણ ઐની અબ્દુલગફૂર
૭૭ ટકા
વાલીઃ શ્રી અબ્દુલગફૂર વલીભાઈ મેમણ
જૂનિ. આસિ.,પાલનપુર ડિવિઝન



પટેલ હીરલ મંગુભાઈ
૭૪.૨૯ ટકા
વાલીઃ શ્રી એમ. એમ. પટેલ
દફ્તરી, સાબરમતી ડિવિઝન



ગોળવેલકર સાગર તુષાર
૭૧.૫૭ ટકા
વાલીઃ શ્રી ટી. એસ. ગોળવેલકર
જૂનિ. આસિ., બારેજડી સબડિવિઝન



ગૌસ્વામી રશ્મિકા પ્રવિણપુરી
૭૯.૨૯ ટકા
વાલીઃ શ્રી પ્રવિણપુરી માણેકપુરી ગૌસ્વામી
સર્વેયર, પાલનપુર સબડિવિઝન



ચૌધરી વનિતા ફલજીભાઈ
૭૯ ટકા
વાલીઃ શ્રી ફલજીભાઈ ડી. ચૌધરી
સિનિ. આસિ., ધાનેરા-૨ સબડિવિઝન



રાવલ કિંજલ ભરતકુમાર
૭૨ ટકા
વાલીઃ શ્રી ભરતકુમાર વિષ્ણુપ્રસાદ રાવલ
આ. લાઇનમેન, ભીલડી સબડિવિઝન



પંચાલ બિનલ જીતેન્દ્રકુમાર
૭૪.૧૪ ટકા
વાલીઃ શ્રી જીતેન્દ્રકુમાર સી. પંચાલ
મીટર ટેસ્ટર, ડિસા ડિવિઝન

પ્રિય વાચકમિત્રો,

'યુજીવીસીએલ ન્યુઝ' આપનું પોતાનું સામયિક છે. એમાં જેમ કંપનીને સંબંધિત વિવિધ સમાચારોને સ્થાન આપવામાં આવે છે તેમ આપણા પરિવારના સભ્યોની વિવિધ ક્ષેત્રે પ્રગતિની પણ તેમાં અચૂક નોંધ લેવામાં આવે છે.

એટલું જ નહીં, આપણા પરિવારના સભ્યોની વિલક્ષણ ક્ષમતાઓને બહાર લાવવા માટે, એક સરસ મંચ તરીકે પણ આ સામયિકને ઉપયોગ કરવાનું અમારું ધ્યેય છે.

આપણા જીવનમાં નવી સુગંધ લાવે કે વાચકને કોઈ પણ ક્ષેત્રમાં પ્રગતિ માટે પ્રેરણા આપે તેવી કોઈ પણ પ્રકારની કૃતિઓને પણ આ સામયિકમાં ચોક્કસ સ્થાન આપવામાં આવશે.

તો ઉઠાવો કલમ !

તંત્રી, યુજીવીસીએલ ન્યુઝ

# વીજળી મોંઘી, ઉપકરણ સસ્તાં !

**સસ્તાં વીજ ઉપકરણો દ્વારા મોંઘા ભાવની વીજળીને મફતમાં વાપરી નાખતું વીજળીનું પ્રતિગામી અર્થતંત્ર**

નાણાંકીય હિસાબોની આગોતરી ગણતરી એટલે કે બજેટમાં કે વર્ષને અંતે કરવામાં આવતા હિસાબોની બેલેન્સ સીટમાં, જો આવક કરતા ખર્ચ ખાતે વધારે રકમ હોય તો તેવી સ્થિતીને ખાધ તરીકે ઓળખવામાં આવે છે. આ ખાધની પુરવણી માટે અન્ય ખર્ચાળ માર્ગે કામચલાઉ આવક ઊભી કરી, ખાધની પુરવણી કરી હિસાબ ખાતું સરભર કરવામાં આવતું હોય છે. આવા અર્થતંત્રને ખાધપુરક અર્થતંત્ર જેવુ રૂપકળું નામ આપી વર્ષ વર્ષ અપનાવી લેવામાં આવતું હોય છે. આથી જ આજે ભારતના દરેક નાગરીકના માથે અમુક રૂપિયાનું દેવું છે. તેવા સમાચાર વર્ષમાં એકાદ વખત સંચાર માધ્યમોમાં ચમકારા દઈ અલોપ થઈ જતા હોય છે.



અહીં વાત વીજ ખાધની કરવી છે. વીજ પુરવઠો પુરો પાડતી સંસ્થા, કંપની, રાજ્ય કે દેશ વિગેરેના જે તે સ્થાપિત વીજ ઉત્પાદન સામે તેના સંલગ્ન ભૌગોલિક વિસ્તારને પુરી પાડવા માટે મહત્તમ જરૂરિયાત માટેની વીજ માંગ હંમેશા અધિક રહેતી હોય છે. આ વીજ જરૂરિયાતની સાપેક્ષે અપુરતા વીજ ઉત્પાદનને વીજ ખાધ તરીકે ઓળખવામાં આવે છે. આ વીજ ખાધ વધુ પડતી વીજ જરૂરિયાતના કારણે છે, કે ઓછા વીજ ઉત્પાદનને કારણે, તે ચર્ચા કરવાનો અત્રે આશય નથી. અત્રે ચર્ચા કરવી છે, સસ્તા વીજ ઉપકરણો દ્વારા મોઘાભાવની વીજળીને મફતમાં વાપરી નાખતા વીજળીના પ્રતિગામી અર્થતંત્રની.

મોંઘવારીના જમાનામાં વીજ ઉત્પાદન કરવા માટે વીજ એકમની સ્થાપના તેમ જ વીજ પ્રવહન અને વીજ વીતરણ કરવા માટેની સંલગ્ન સાધન સામગ્રીમાં જે તે મોંઘવારીના વેગ સાથે વધારો થતો રહ્યો. જ્યારે વીજળીનો વપરાશ કરતા ઘરઘથ્થું વીજ ઉપકરણોની કિમતમાં મોંઘવારીના વેગ જેટલા વધારાની સામે ઘણો ઓછો કે નહિવત વધારો જોવા મળ્યો. વળી બીજી બાજુ લોકોની માથાદીઠ આવકમાં અને

**વીજઉત્પાદન સતત મોંઘું થતું જાય છે અને બીજી તરફ મોંઘી વીજળી વાપરતાં વીજ ઉપકરણોનો ભાવ ઘટતો જ જાય છે. પરિણામે તેનો વપરાશ વધતાં સતત વધી રહી છે વીજખાધ.**

જીવનધોરણ અને જીવનશૈલીમાં એકંદરે ઘણો વધારો થતાં ઘરઘથ્થું વીજ ઉપકરણોના વેચાણ અને વપરાશમાં ઘણો બધો વધારો થવા પામ્યો છે. આમ, વીજ ઉત્પાદનની ક્ષમતા કરતા વીજળી વાપરતા વીજ ઉપકરણોની સંખ્યા વધતા વીજ ખાધ સતત વધતી રહી છે.

આ બાબતને ટેકનિકલ ભાષામાં કહેવું હોય તો નિયત ક્ષમતાના વીજ ઉત્પાદન કરતા વીજ મથકની તેના જીવનકાળ દરમિયાન તમામ ખર્ચ અને પ્રતિ સેકંન્ડે જેટલા વીજ એકમનું ઉત્પાદન થાય તેના ગુણોત્તરની સાપેક્ષે, પ્રત્યેક વીજ ઉપકરણોની કુલ અસરકારક કિમત (મૂળ કિમત, ઘસારા અને મરામત ખર્ચ ) અને વીજ ઉપકરણ દ્વારા પ્રતિ સેકંન્ડે જેટલો વીજ વપરાશ થાયે તેનો ગુણોત્તર ઘણો જ નીચો રહેતો હોય છે.

એટલે કે વીજળી મોંઘી અને વીજ ઉપકરણો સસ્તા છે.

આમ, વીજળીના ઉત્પાદન માટે કરવા પાત્ર એકત્રિત ખર્ચ સામે વીજ વપરાશ કરતા ઉપકરણોની કિમતમાં પ્રતિગામી વલણ જોવા મળે છે. આજે વીજ ખાધની જે પણ સમસ્યાઓ છે, તેના ઘણા કારણો પૈકી એક કારણ વીજ ઉપકરણોની પ્રતિગામી કિમત નિર્ધારણ નીતિ ગણી શકાય. ઉપરોકત બાબતને ઘણી બધી આંકડાકીય ગણતરી કરી પુરવાર કરી શકાય તેમ છે.

અત્રે આ લેખને અર્થશાસ્ત્રીય ભાષા દ્વારા રજૂ કરી ઈલેક્ટ્રીક ક્ષેત્રે રસ ધરાવતા ઈલેક્ટ્રો અર્થશાસ્ત્રીઓને વીજળીના ઉત્પાદન માટે પ્રવર્તમાન ખર્ચની સાપેક્ષે જે તે વીજ ઉપકરણના વીજ વપરાશને ધ્યાનમાં રાખી કેટલી ન્યુનતમ કિમત હોવી જોઈએ તેની ગણતરી કરી, જે તે વીજ ઉપકરણની વાસ્તવિક કિમત નકકી કરી પ્રસિદ્ધિ કાર્યવાહી કરવી જોઈએ.

વીજ ઉપકરણો બનાવવા, વેચવા, આયાત કરવા અને વપરાશ કરવા પર કાયદા દ્વારા વ્યવસાયિક અંકુશ હોવો જોઈએ. જીવન માટે આવશ્યક અને અનિવાર્ય તેમ જ મોજશોખ અને આરામ એમ વિવિધ કક્ષાના વીજ ઉપકરણોનું રાજકોષીય નીતિ દ્વારા વર્ગીકરણ કરી વીજ ઉપકરણોની પ્રગતિશીલ કિમતો નકકી કરવી જોઈએ. નહી તો પ્રતિગામી વીજળી ઉપકરણના બિનઅંકુશિત ભાવ નિર્ધારણની નીતિ આવનારી પેઢી ને જ નહિ પરંતુ આપણા આગામી દશકાને પથ્થરયુગમાં ધકેલી દે તેવો ભય ભીંત પર દેખાય છે.

**– નીતિનકુમાર એસ.પટેલ**
જૂનિયર આસિસ્ટન્ટ,
ગુજરાત એનર્જી ટ્રેનિંગ અને રીસર્ચ
ઇન્સ્ટિટ્યૂટ, વડોદર

## ગાંભોઈ ખાતે નવીન પેટાકચેરીનું લોકાર્પણ









## હિંમતનગર ખાતે એનીટાઇમ પેમેન્ટ સેન્ટરનો શુભારંભ

## પ્રભુપૂજા સાથે મહેસાણા ખાતે નવીનીકરણ પામેલ કચેરીનો મંગલ પ્રારંભ







## આપણી કંપનીના યજમાનપદે યોજાઈ ઈન્ટરકંપની વૉલિબોલ ટુર્નામેન્ટ








## એ પહેલાં ઉત્સાહભેર યોજાઈ ઈન્ટર સર્કલ ટુર્નામેન્ટ





ઈન્ટર સર્કલ બેડમિંટન ટુર્નામેન્ટનો ઈનામવિતરણ સમારોહ



૩૪મી એઆઈઈએસસીબી
ચેસ ટુર્નામેન્ટની વિજેતા ટીમ




ઈન્ટર સર્કલ ચેસ ટુર્નામેન્ટ, સાબરમતી







## સેવાનિવૃત્ત થતા કર્મચારીઓને ઉષ્માસભર વિદાયમાન

## ...જેમણે આપણા સૌનું ગૌરવ વધાર્યું !



**શ્રી હિતેષ આર. મોદી,** જૂનિ. આસિ. (વિદ્યુત સહાયક) આર.ઈ. અને વિજિલન્સ ડિપાર્ટમેન્ટ, રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ, મહેસાણા મે ૨૦૦૮માં ધી ઈન્સ્ટિટ્યૂટ ઑફ ચાર્ડર્ડ એકાઉન્ટન્ટ્સ ઑફ ઈન્ડિયા દ્વારા લેવાયેલ ચાર્ડર્ડ એકાઉન્ટન્ટની ફાઇનલ પરીક્ષામાં ઉત્તીર્ણ થયા.



હિંમતનગર વર્તુળ કચેરીના જૂનિયર ડ્રાફ્ટ્સમેન શ્રી કે. એસ. પંચાલના પુત્ર **શ્રી સંજીવકુમાર કાન્તિલાલ પંચાલ** નવેમ્બર ૨૦૦૭માં ધી ઈન્સ્ટિટ્યૂટ ઑફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઑફ ઈન્ડિયા દ્વારા લેવાયેલ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની ફાઇનલ પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છે.



સાબરમતી વર્તુળ કચેરીના સિનિયર આસિસ્ટન્ટ શ્રી કે. કે. સંઘવીના પુત્ર **શ્રી દર્શક કે. સંઘવી** ઈન્દિરા ગાંધી ઓપન યુનિવર્સિટી, નવી દિલ્હી દ્વારા લેવાયેલ એમબીએ (ઓપરેશન્સ એન્ડ મેનેજમેન્ટ)ની પરીક્ષામાં ૬૯.૦૮ ટકા સાથે ઉત્તીર્ણ થયા. આ પહેલાં તેમણે બી.ઈ. (ઇન્સ્ટ્રુમેન્ટેશન એન્ડ કંટ્રોલ) તથા પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઇન મેનેજમેન્ટ એન્ડ ઓપરેશન્સની પરીક્ષાઓ પણ સફળતાની ઉચ્ચ શ્રેણીમાં પસાર કરી છે.



મહેસાણા રજિસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ ઑફિસના વિશેષ ઇજનેર શ્રી વી. એ. ગુપ્તાનાં સુપુત્રી **કુ. અમીષા વિનોદકુમાર ગુપ્તા** થર્ડ યર બેચલર ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશનની પરીક્ષામાં ઉત્તીર્ણ થયાં. તેઓ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં ૭૧.૭૫ ટકા સાથે પ્રથમ ક્રમે રહ્યાં.

## વીજશક્તિ છે વિશ્વશક્તિ...



## ... આવો, એનું મહત્તમ સંવર્ધન કરીએ.


યુજીવીસીએલ ન્યુઝ

બુક પોસ્ટ
પ્રતિશ્રી,


ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત



કોર્પોરેટ કોમ્યુનિકેશન સેલ,
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ,
વીસનગર રોડ, મહેસાણા ૩૮૪૦૦૧

Visit us at www.ugvcl.com